# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૩ * નવેમ્બર, ૨૦૨૩



## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે, જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે, અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે, જેમાં બુદ્ધિરૂપી જળ (?) સુકાય છે અને જે દર્શનમોહયુક્ત જીવોને અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે, તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં જૈનદર્શન એક જ શરણ છે. ૨૦૨૪. (શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૩૦૬)

● નિશ્ચયથી નિજ નિરંજન-શુદ્ધાત્મસંવિતિથી ઉત્પન્ન નિર્વિકાર પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતના રસાસ્વાદરૂપ સ્વસંવેદન-જ્ઞાન તે આ ગ્રંથનું પ્રયોજન છે. પરમ નિશ્ચયથી તે સ્વસંવેદનજ્ઞાનના ફળરૂપ, કેવળજ્ઞાનાદિ અનંત ગુણ સાથે અવિનાભાવી, નિજાત્મ-ઉપાદાનસિદ્ધ અનંત સુખની પ્રાપ્તિ તે આ ગ્રંથનું પ્રયોજન છે. ૨૦૨૫. (શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા-૧)

● હે ભવ્ય! લોકમાં નમન કરવાયોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવાયોગ્ય પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે. તેને ગમે તેમ કરીને પણ જાણ. ૧. (શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૦૩)

● જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું. બીજો કોઈ ઉપાસ્ય નથી એવી વસ્તુસ્થિતિ છે.૨.

(શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક-૩૧)

● જેઓ મોક્ષની ઈચ્છા રાખીને પરદ્રવ્યની ઉપાસના કરે છે—પરદ્રવ્યના ભક્ત અને સેવક બની તેમની જ પાછળ ડોલે છે—તે મૂઢજનો હિમવાન પર્વત પર ચઢવાની ઈચ્છા ધરાવતાં સમુદ્ર તરફ ચાલ્યા જાય છે—એમ હું માનું છું. ૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૫૦)

● જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ વહ મૈં હી હૂં ઔર અવિનાશી દેવસ્વરૂપ હૂં, જો મૈં હૂં વહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ. ઈસ પ્રકાર નિઃસંદેહ તૂ ભાવના કર. ૪.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, શ્લોક-૧૭૫)

● જે સિદ્ધ ભગવાન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે, કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી પૂર્ણ છે તે જ હું સિદ્ધ છું, શુદ્ધ છું, નિત્ય છું, એક છું અને નિરાવલંબી છું. ૫. (શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૭)

વર્ષ–૧૮
અંક–૩




વિ. સંવત
૨૦૭૯

November
A.D. 2023



## મંગલ સુપ્રભાતની બોણી

આજે સુપ્રભાત છે, આપણે કળશટીકામાં સુપ્રભાત આવે છે. ત્યાં તો અનંત જ્ઞાન, અનંત દર્શનને સુપ્રભાત કહ્યું છે. પણ સમ્યગ્દર્શન થાય, એ પણ સુપ્રભાત-બીજરૂપે સુપ્રભાત છે. અખંડ આનંદ સ્વરૂપ પ્રભુ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ પણ એક સુપ્રભાત છે. એ દિવસ ઊગ્યો એને સુપ્રભાત છે. અહીં તો ૩૮મી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને !–કે પંચમ આરાના સંત-ગુરુ અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહાહા ! અનાદિ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને ગુરુ વારંવાર સમજાવે છે, એનો અર્થ વારંવાર એ વિચાર કરે છે. પંચમકાળના શ્રોતાને ગુરુ સમજાવે છે. એ સાંભળીને, અંતર અનુભવીને, જેને સમ્યગ્દર્શન થાય છે એ શ્રોતા એમ કહે છે કે હું એક શુદ્ધ ચૈતન્યઘન છું, દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત છું અને તે પરિણમિત થયેલી ચીજ મને ફરી પાછી પડે એવો હું નથી. આહાહા ! પંચમઆરાના શ્રોતાની આ વાત ! ઓછી નથી. આગમ યુક્તિથી ને અનુભવથી જે અમને આત્મજ્ઞાન થયું તે હવે અમને ફરીને પડવાનું નથી. ઓહોહો, પંચમઆરાના શ્રોતાની આ દશા ! ભલે કોઈ થોડા શ્રોતા પાકે પણ એ શ્રોતાની આવી જ દશા હોય. આહાહા ! શું શૈલી ! જીવ અધિકાર પૂર્ણ કરતાં ૩૮ ગાથામાં, પંચમઆરામાં પણ આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેણે સાંભળ્યું, સાંભળીને જેણે

> શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,
> તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.
>
> **પરમાગમ શ્રી સમયસાર**

મનન કર્યું, ધ્યાનમાં જેને પ્રાપ્ત થયું એ શ્રોતા એમ કહે છે કે અમારું આ સમ્યગ્દર્શન-જ્ઞાન અપ્રતિહત છે. એ પાછું ફરવાનું નથી. અરે પંચમઆરાના શ્રોતા ભગવાન પાસે ગયા નથી ને ! કહે છે કે ભગવાન પોતે છે એની પાસે ગયો છે તેથી એને અંતરમાં એવું અપ્રતિહત દર્શન થયું છે. આહાહા ! ગજબ વાત છે. એનું નામ જઘન્યભાવની—શરૂઆતની સુપ્રભાત કહેવામાં આવે છે.

ઉત્કૃષ્ટ ભાવરૂપ કેવળજ્ઞાન એ તો અત્યારે નથી છતાં પણ જે સમ્યગ્દર્શન પામેલ છે એને અલ્પ ભવમાં કેવળજ્ઞાન થવાનું છે, એમાં કાંઈ ફેરફાર છે જ નહિ તેથી તેને જે સુપ્રભાત ઉદ્યોત થવાનું છે એનું અત્યારે જ માંગલિક કરે છે કે અમે સર્વજ્ઞપણું પામવાના છીએ, અમને કેવળજ્ઞાન થવાનું છે. ઓહોહો ! આનું નામ મંગલ સુપ્રભાત છે.

'મમ્' નામ પરનો અહંકાર, ને 'ગલ' નામ જેણે ગાળ્યો છે તે માંગલિક છે. આહાહા ! રાગ ને પર્યાયનું અહમ્પણું એવો જે મિથ્યાત્વભાવ તેને, શુદ્ધ ચૈતન્યઘનમાં અહમપણું માનીને, જેણે ગાળ્યો તેને અહીંયા માંગલિક કહેવામાં આવે છે.

ખરેખર તો પંચપરમેષ્ઠી—અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું એ આત્માનું જ સ્વરૂપ છે—એમ યોગીન્દ્રદેવમાં આવે છે. આત્મામાં જ અર્હંતપણું, સિદ્ધપણું, આચાર્ય, ઉપાયાય ને સાધુપણું—પંચપરમેષ્ઠીપણું ભરેલું છે. આત્મા પોતે જ પંચપરમેષ્ઠી સ્વરૂપ છે. આહાહા ! એને (આત્માને) અહીં મંગલિક તરીકે, ઉત્તમ તરીકે, શરણ તરીકે કહેવામાં આવ્યો છે. (-પૂજ્ય ગુરુદેવશ્રી, નૂતન-વર્ષની વહેલી સુપ્રભાતે)

---

પ્રશ્ન : વિકલ્પો અમારો પીછો નથી છોડતા ?

ઉત્તર : વિકલ્પ તને વળગ્યા નથી. તું વિકલ્પને વળગ્યો છો. તું પરમાનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છો તેને જોતો નથી. તેથી વિકલ્પો તને વળગ્યા લાગે છે. તું તારા ભગવાનને ભ્રમથી ભૂલીને વિકલ્પને વળગ્યો છો, તું ખસી જા ને! તું વિકલ્પનું લક્ષ છોડી તારા ભગવાનનું લક્ષ કર તો વિકલ્પો તને વળગેલા લાગશે નહિ. વિકલ્પમાં ક્યાંય સુખ શાંતિ નથી. જ્યાં સુખ શાંતિ ભરી છે ત્યાં જા! સુખ શાંતિનો ભંડાર એવા ભગવાનને વળગ. તારી અંદરમાં પૂર્ણ સુખ શાંતિ ભર્યા છે. વિકલ્પ તો બહાર છે. તેમાં ક્યાંય સુખ શાંતિ નથી. તારી અંદર વિકલ્પ વિનાની ચીજ છે. તેમાં સુખ શાંતિ ભર્યા છે તેનું લક્ષ ને પ્રતીતિ કરીને વિકલ્પથી પ્રથમ ભેદજ્ઞાન કર. સ્થિરતા અનુસાર ક્રમે સર્વ વિકલ્પો છૂટશે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

---

**પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,**
**નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.**



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## બંધ-મોક્ષને સાધક કરતો નથી, માત્ર જાણે છે

દયા-દાન આદિના શુભરાગને કરે ને વેદે એ તો મિથ્યાદૃષ્ટિ છે. જેને સ્વભાવનું જ્ઞાન થયું નથી તે રાગને કરે ને વેદે છે પણ જેણે અંદરમાં જાણ્યું કે ભગવાન આત્મા તો રાગથી ભિન્ન પૂર્ણાનંદ સ્વરૂપ છે—એમ જેને વિશ્વાસ આવ્યો છે, જ્ઞાનના વ્યક્ત અંશમાં—પરિણમનમાં એમ જેણે જાણ્યું છે તે રાગને અને બંધને જાણે છે પણ તે રાગને કરતો કે વેદતો નથી. શુદ્ધજ્ઞાનપરિણત સાધક જીવ બંધને જાણે છે, રાગ આવે, રાગ હોય પણ તેની જ્ઞાનદશામાં તે જણાય છે. ધર્મી બંધને પણ જાણે ને મોક્ષને પણ જાણે, રાગનો અભાવ થાય તેને જાણે પણ રાગના અભાવને કરે નહિ. ધર્મી જીવ મોક્ષને કરે એમ પણ નથી, મોક્ષને જાણે છે.

ભગવાન આત્મા પવિત્રપણે છે અને એવું પવિત્રપણું જેને અંશે પણ પર્યાયમાં પ્રગટ થયું એ જીવ રાગ આવે તેને જાણે, તેને કરે પણ નહિ ને વેદે પણ નહિ. બંધને જાણે છે ને મોક્ષને પણ જાણે છે, કરતો નથી. શક્તિ અપેક્ષાએ જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન થઈને જેની દશામાં જ્ઞાન ને આનંદની દશા વ્યક્ત થઈ છે એવો ધર્મી જીવ માત્ર બંધને ને મોક્ષને જાણે છે, એટલું જ નહિ પણ શુભ અને અશુભભાવ કે જે ધર્મના નિમિત્તે થાય તેને પણ જાણે છે, પરંતુ કરતો-વેદતો નથી. સાધકને હજુ બાધકભાવ છે તેને તે જાણે છે, રાગ થાય તેને જાણે છે અને રાગ ટળે તેને પણ જાણે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન છે તે જ્ઞાન સિવાય બીજું શું કરે ?—માત્ર જાણે.

## માત્ર બંધ-મોક્ષને નહિ, કર્મોદય તથા નિર્જરાને પણ જ્ઞાની જાણે છે

ભગવાન તો જ્ઞાનચક્ષુ છે, ચૈતન્યમૂર્તિ છે, તે તો ચક્ષુની માફક પરથી ભિન્ન રહીને દૂરથી પરને જાણે છે, ધર્મી એકલા બંધ-મોક્ષને જાણે છે એમ નહિ પણ કર્મના ઉદયને પણ જાણે છે. ધર્મીને પણ હજી શુભ અને અશુભ રાગ હોય છે, તેને તે જાણે છે અને તે રાગ ટળે તેને પણ ધર્મી જાણે છે, તેને ટાળતો નથી કેમકે જ્ઞાનચક્ષુ જાણવા સિવાય બીજું શું કરે ?

> જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,
> તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૭.

પ્રશ્ન :—જ્ઞાન જ્ઞાનને તો કરેને ?

સમાધાન :—એકલા જ્ઞાનને ન પકડે, આખા આત્માને અનુભવે; જ્ઞાન-પ્રધાન કથન છે પણ જ્ઞાન સાથે બધી શક્તિના નિર્મળ પરિણામ વડે પરિણમે છે.

સ્વરૂપનો અનુભવ થયો છે, પ્રજ્ઞાબ્રહ્મનું જ્ઞાન ને અનુભવ થયો છે પણ રાગ ગયો નથી એવો સાધક જીવ શું કરે છે ?—કે રાગ આવે તેને જાણે છે, મોક્ષ થાય છે તેને જાણે છે. ચોથા-પાંચમાં ગુણસ્થાનવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ બંધને જાણે છે. સાધક જીવને રાગ હોય તેને તે જાણે, તેમ મોક્ષને જાણે તથા કર્મ છૂટે તેને પણ જાણે, કર્મને છોડે નહિ. એટલું તો ઠીક પણ શુભ-અશુભભાવ હોય તેને પણ જાણે છે. ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિને રૌદ્ર ધ્યાન આવે તેને જાણે છે. એટલું જ નહિ સવિપાક-અવિપાકરૂપ અને સકામ-અકામરૂપ નિર્જરાને પણ જાણે છે.

સવિપાક—અવિપાક તથા સકામ-અકામ નિર્જરાને જાણે એટલે શું ?—કે સ્થિતિ પૂરી થતાં કર્મના રજકણો ઉદયમાં આવીને ખરી જાય તે સવિપાક નિર્જરા છે, તેનો કર્તા જ્ઞાની નથી. અને પુરુષાર્થની ઉગ્રતાથી કર્મ ઉદયમાં આવ્યા વિના ખરી જાય તે અવિપાક નિર્જરા છે તેનો પણ કર્તા જ્ઞાની નથી. જીવના પુરુષાર્થ તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય તે સકામ-નિર્જરા છે અને ઈચ્છા ન હોવા છતાં ક્ષુધા-તૃષા આદિ સમતાભાવે સહન કરવા તે અકામનિર્જરા છે. સકામ-અકામ નિર્જરાનો પણ કર્તા જ્ઞાની નથી, જ્ઞાની તો તેને માત્ર જાણે છે.

## બંધ-મોક્ષના કારણ અને પરિણામથી શૂન્ય પરમ-પારિણામિકભાવ

સર્વ વિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધ-દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા 'શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે' એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું..... (ગુજરાતી ટીકા)

હવે પોતાનું કાયમી સ્વરૂપ અને સમ્યગ્દર્શનનો વિષય-સમ્યગ્દર્શનનું ધ્યેય એવો આત્મા કેવો છે ?—કે એ તો સર્વવિશુદ્ધ વસ્તુ છે, પારિણામિક એટલે કે સહજભાવ, પરમભાવ વસ્તુ છે. ભગવાન સર્વવિશુદ્ધ પારિણામિકભાવ છે. પારિણામિક એ પરમભાવ

જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૮.

છે, તેને જાણનારી શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે ત્રિકાળી પરમ સ્વભાવભાવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી રહિત છે. સર્વવિશુદ્ધ પારિણામિક એવા પરમભાવને જાણનારી શુદ્ધદ્રવ્યાર્થિકનયે ભગવાન આત્મા વ્યવહારનો કર્તા ને વ્યવહારનો ભોક્તા નથી, વ્યવહાર એટલે શુભરાગનો શુદ્ધ-ઉપાદાનથી કર્તા-ભોક્તા તો નથી પણ બંધ-મોક્ષના કારણથી ને પર્યાયથી પણ ભગવાન આત્મા શૂન્ય છે.

ભગવાન ત્રિકાળી ચૈતન્યદળ આનંદકંદ પ્રભુ બંધના કારણથી ભિન્ન છે. સમયગ્દષ્ટિ પણ બંધ ને બંધના કારણથી શૂન્ય છે, કેમ કે સમ્યગ્દષ્ટિનો વિષય બંધ ને બંધના કારણથી રહિત ત્રિકાળી ચૈતન્યઘન છે. ત્રિકાળી દ્રવ્ય જેનું પ્રયોજન છે એવી દ્રવ્યાર્થિકનયથી જોતા ભગવાન આત્મા બંધથી ને બંધના કારણથી રહિત છે અને મોક્ષ ને મોક્ષના કારણથી શૂન્ય છે. ત્રિકાળી આત્મા એ દશાને—બંધ ને બંધના કારણની દશાને કરતો નથી, કેમકે ત્રિકાળી ભગવાન તે પરિણામથી શૂન્ય છે. અરે ! મોક્ષ ને મોક્ષના કારણથી પણ ધ્રુવ ભગવાન શૂન્ય છે, કેમકે તે પર્યાય છે. નિશ્ચયરત્નત્રયના પરિણામરૂપ મોક્ષમાર્ગ અને કેવળજ્ઞાન ને સિદ્ધદશારૂપ મોક્ષના પરિણામનો કર્તા ધ્રુવ નથી, બંધ-મોક્ષના કારણ અને બંધ-મોક્ષના પરિણામ તે પર્યાય છે, તે ગુણ નથી, અરિહંતદેવને કેવળજ્ઞાન થાય તે પરિણામ છે, પર્યાય છે તેથી તેનો કર્તા ત્રિકાળી દ્રવ્ય નથી.

ત્રિકાળી દ્રવ્ય મિથ્યાત્વ, અવ્રત આદિને કરતું નથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને દ્રવ્ય કરતું નથી તેમ બંધ થાય તેને દ્રવ્ય કરતું નથી અને કેવળજ્ઞાનના પરિણામને દ્રવ્ય કરતું નથી. સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્યસ્વભાવ—ધ્રુવવસ્તુ તે કેવળજ્ઞાનના પરિણામને પણ કરતું નથી કેમકે ધ્રુવવસ્તુ બંધ ને મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે.

## સમ્યગ્દર્શનનો વિષય ઉત્પાદ-વ્યયને કરતું નથી

ભગવાન આત્મા કે જેને આત્મા કહીએ તે ધ્રુવ આત્મા મોક્ષના પરિણામને કરે નહિ. સમ્યગ્દષ્ટિના ધ્યેયમાં જે ધ્રુવ વસ્તુ છે કે જેમાં ઉત્પાદ-વ્યયનો અભાવ છે તે ઉત્પાદ-વ્યયની પર્યાયને કરતું નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ છે તે મોક્ષને ને મોક્ષમાર્ગને કરતું નથી. ત્રિકાળી ધ્રુવ વસ્તુ મોક્ષને પણ કરે નહિ ને તેના કારણરૂપ મોક્ષમાર્ગને પણ કરે નહિ, કારણ કે પલટતી દશાને—ઉત્પાદ-વ્યયને ધ્રુવ કરતું નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)

**જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુખી થાય છે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને. ૩૮૯.**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે કહે છે કે ઉપર કહેલા તત્ત્વને સાંભળી તેને નિશ્ચલભાવથી જે ભાવે છે તે તત્ત્વને જાણે છે :—

**तच्चं कहिज्जमाणं णिच्चलभावेण गिह्णदे जो हि ।**
**तं चिय भावेदि सया सो वि य तच्चं वियाणेइ ॥२८०॥**

અર્થ :—જે પુરુષ ગુરુજનો દ્વારા કહેલું જે તત્ત્વનું સ્વરૂપ તેને નિશ્ચલભાવથી ગ્રહણ કરે છે–તેને અન્ય ભાવના છોડી નિરંતર ભાવે છે તે પુરુષ તત્ત્વને જાણે છે.

જૈનદર્શન એવું અપૂર્વ અને અઘરું છે કે સાચા ગુરુનો ઉપદેશ સાંભળ્યા વિના, તેનું રહસ્ય સમજમાં ન આવી શકે એટલે કે ગુરુ ઉપદેશ વિના એકલા શાસ્ત્રોથી સત્ય સમજમાં ન આવી શકે. જ્યાં જીવને સત્ય સમજવાની પાત્રતા હોય છે, ત્યાં નિમિત્તરૂપે ગુરુ ઉપદેશ હોય જ છે. એકલા શાસ્ત્રથી પોતાની કલ્પનાથી સમજમાં આવી જાય— એવું જૈનદર્શન નથી. શાસ્ત્ર ક્યાંય પોતાના ભાવ કહેતા નથી. શાસ્ત્રોનો ભાવ તો જ્ઞાનીના હૃદયમાં હોય છે.

ભાઈ ! વીતરાગી સંતોની પરંપરામાં શાસ્ત્રોનો અર્થ ચાલ્યો આવે છે. શાસ્ત્રનો અર્થ કરવાવાળા સંતોની પરંપરા જૈનશાસનમાં અતૂટ છે. જો અર્થ કરવાવાળા પુરુષ ન હોય તો એકલી વાણી અપ્રમાણ છે. પુરુષ વગર વાણીનો અર્થ કોણ કરે ? માટે એકલી વાણી અમને માન્ય નથી પણ વાણીનો અર્થ કરવાવાળા જ્ઞાની પુરુષ પરંપરાથી ચાલ્યા આવે છે. તે-તે કાળના શાસ્ત્રોના જ્ઞાનથી નિપુણ જ્ઞાની પુરુષો શાસ્ત્રોનો અર્થ કરે છે, તે જ માન્ય છે; માટે અહીં તો એમ કહ્યું છે કે ગુરુજનો દ્વારા કહેવાયેલું તત્ત્વ સાંભળીને જે જીવ નિશ્ચળભાવથી તેને ગ્રહણ કરે છે અને અન્ય ભાવના છોડીને અંદરમાં વારંવાર તેની ભાવના કરે છે, તે પુરુષ તત્ત્વને જાણે છે. જેને સંતકૃપાથી સાચું સાંભળ્યું ન હોય, તો તે સમજવાને પાત્ર પણ નથી. માટે ગુરુ ઉપદેશને સાંભળી અંતરંગમાં તેનો નિર્ણય કરીને વારંવાર તત્ત્વજ્ઞાનની ભાવના કરવી જોઈએ.

**રે ! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે; ૩૯૦.**

હવે કહે છે કે તત્ત્વની ભાવના નથી કરતો એવો ક્યો પુરુષ છે કે જે સ્ત્રી આદિને વશ નથી? અર્થાત્ સર્વ લોક છે :—

**को ण वसो इत्थिजणे कस्स ण मयणेण खंडियं माणं।**
**को इंदिएहिं ण जिओ को ण कसाएहिं संतत्तो ॥२८१॥**

અર્થ :—આ લોકમાં સ્ત્રીજનને વશ કોણ નથી? કામથી જેનું અંતઃકરણ ખંડિત નથી થયું એવો કોણ છે? ઈન્દ્રિયોથી જે નથી જિતાઈ ગયો એવો કોણ છે? તથા કષાયોથી જે નથી તપ્તાયમાન થયો એવો કોણ છે?

ભાવાર્થ :—વિષય-કષાયને વશ સર્વ લોક છે પણ તત્ત્વની ભાવના કરવાવાળા કોઈ વિરલા છે.

જુઓ, જેમની ભાવના અંતરંગમાં ચૈતન્યતત્ત્વ તરફ નથી, તે બાહ્યમાં સ્ત્રી આદિને વશ થઈ જાય છે. જેમને જ્ઞાયક ચૈતન્યની ભાવના નથી, તેને વિષયોની ભાવના છે. જેમને અસંયોગી ચૈતન્યતત્ત્વની દૃષ્ટિ અને ભાવના નથી, તે જીવ સંયોગને આધિન થયા વગર રહેતો નથી. ધર્મી જીવના અંતરંગમાં ચૈતન્યસ્વભાવનું ભાન છે, તેમને હકીકતમાં પરની ભાવના હોતી નથી. ચૈતન્યની દૃષ્ટિ કરીને તેની ભાવના કરવી જ વિષયોને જીતવાનો ઉપાય છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા ચક્રવર્તી હોય અને ૯૬ હજાર સ્ત્રીઓ હોય તોપણ તેની દૃષ્ટિ ચૈતન્યના વશમાં છે એટલે કે તે વિષયોને વશ થતા નથી.

જેને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ઉલ્લાસ હોય છે, તેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો પ્રેમ હોતો નથી તથા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ઉલ્લાસ અને પ્રેમની અપેક્ષા સ્ત્રી આદિ પ્રત્યે પ્રેમ અને ઉલ્લાસ વધી જાય તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે અને ચૈતન્યસ્વભાવના ઉલ્લાસની સરખામણીમાં ખંડ-ખંડ રાગભાવનો ઉલ્લાસ વધી જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. જેમની પરિણતિ અંતરંગમાં સ્વસન્મુખ થઈ નથી, તેમની પરિણતિ પરવિષયોની સન્મુખ થયા વિના રહેતી નથી અર્થાત્ તે જીવ વિષય-કષાયનો વિજેતા થઈ ગયો.

ધર્મીને અસ્થિરતાનો રાગ હોય છે પણ ધર્મના પ્રત્યે પ્રેમની અપેક્ષાએ સંસારનો પ્રેમ-ઉત્સાહ વધી જાય—એમ કદાપિ થતું નથી. ચારિત્રની નબળાઈને કારણે રાગ આવે છે, તેની ધર્મીજીવને જરાપણ રુચિ અને ભાવના હોતી નથી. ધર્મી, ગૃહસ્થદશામાં પણ કામને વશ નથી.

**રે ! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો—જિન કહે; ૩૯૧.**

જે જીવ, જ્ઞાયક, અતીન્દ્રિય, અસંયોગીસ્વભાવને વશ નથી, તે પાંચ ઈન્દ્રિયોના વિષયોને વશ થતો નથી. વિષય નજીક હોવા છતાં જ્ઞાની તેમને ઝેર સમાન જાણે છે. જ્ઞાનીને અખંડ જ્ઞાનાનંદસ્વભાવની રુચિ મુખ્ય છે, માટે તે જિતેન્દ્રિય છે.

જુઓ, અહીં એકલા વિષયોને જ છોડવાની વાત નથી પણ જેને અખંડ સ્વવિષય, સ્વ ચૈતન્યનું ધ્યેય નથી, તેને ખંડ-ખંડ ઈન્દ્રિય વિષયોની રુચિ-ધ્યેય-ભાવના થયા વિના રહેતી નથી કારણ કે પર્યાયબુદ્ધિનો પ્રવાહ મટ્યો નથી. જેમને સ્ત્રીના મનોહર વચન મધુર લાગે છે અને તેને વશ થઈ જાય છે, તે મૂઢ અજ્ઞાની છે. જ્ઞાની તો સ્વને ચૂકીને રાગમાં જોડાતો નથી અને કોઈ નિમિત્તથી, સુંદરરૂપથી, અથવા શબ્દથી રાગ થવાનું પણ જ્ઞાની માનતો નથી. જ્ઞાનીને અસ્થિરતાનો રાગ ગૌણ છે; ધ્રુવ-ચિદાનંદસ્વભાવ જ મુખ્ય છે. માટે તે ક્યારેય વિષયોને વશ થતો નથી. નિત્ય અકષાય શાંત જ્ઞાયકસ્વભાવની અતીન્દ્રિય રુચિ થઈ નથી, તે કષાયોથી તપ્તાયમાન છે. જુઓ, આચાર્યદેવે અતીન્દ્રિય જ્ઞાયકસ્વભાવની કેવી મહિમા કરી છે. (ક્રમશઃ) ❊

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ)　　(સમયસાર પ્રવચન)

પ્રભુ તો ચૈતન્યઘન છે જેમાં મોક્ષ ને મોક્ષમાર્ગનું કરવું નથી, બંધ ને બંધના કારણનું કરવું નથી. બંધ-મોક્ષના પરિણામથી સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ભગવાન શૂન્ય છે. સમ્યગ્દર્શનના પરિણામથી પણ ત્રિકાળી ધ્રુવ શૂન્ય છે. ઉત્પાદ-વ્યય તો પરિણામ છે, તેને દ્રવ્ય સ્પર્શતું જ નથી તો કરે શી રીતે ? બંધના પરિણામને અને બંધના કારણને કેમ કરે ?—શુદ્ધ શક્તિ છે તે અશુદ્ધતાને કઈ રીતે કરે ? અરે ! શુદ્ધ શક્તિ છે તે શુદ્ધતાને પણ કરતી નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી ને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. મોક્ષમાર્ગની પર્યાયને પણ દ્રવ્ય સ્પર્શતું નથી. અવ્યક્ત (દ્રવ્ય) વ્યક્તને (પર્યાયને) સ્પર્શતું નથી તેમ શ્રી સમયસારની ૪૯મી ગાથામાં અવ્યક્તના બોલમાં કહ્યું છે તથા શ્રી પ્રવચનસારની ૧૭૨મી ગાથામાં અલિંગગ્રહણના બોલમાં એમ કહ્યું કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી અને પર્યાય ધ્રુવને સ્પર્શતી નથી કેમ કે દ્રવ્ય અને પર્યાય બે સત્ છે તે એક સત્ બીજા સત્ ને શી રીતે કરે—સ્પર્શે ? સમજાય એટલું સમજવું અને સમજીને રુચિ કરવી, સંસ્કાર નાખવા એ પહેલાં કરવાનું છે.

(ક્રમશઃ)

રે ! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,<br>
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું—જિન કહે; ૩૯૨.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૦, ગાથા - ૨૬)

## બંધ-મોક્ષનું સ્વરૂપ

શ્રી પૂજ્યપાદસ્વામીકૃત ઈષ્ટોપદેશની આ ૨૬મી ગાથા ચાલે છે.

રાગી જીવ કર્મોથી બંધાય છે. રાગી એટલે જે પોતાના શુદ્ધ આનંદકંદ સ્વરૂપ સાથે વિકલ્પનો સંબંધ કરે છે તે જીવ કર્મથી બંધાય છે અને અરાગી એટલે પોતાના સ્વરૂપ સાથે સંબંધ જોડી વિકલ્પથી સંબંધ તોડનાર જીવ કર્મોથી મુક્ત થાય છે.

બહુ ટૂંકામાં આખું બંધ-મોક્ષનું કારણ સમજાવી દીધું છે.

આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ શુદ્ધ પરમાનંદ મૂર્તિ છે. તે એક સૂક્ષ્મ વિકલ્પની સાથે સંબંધ બાંધે, સંગ પામે તોપણ બંધ પામે છે. કોઈપણ જાતનો પરદ્રવ્ય કે પરભાવ સાથે સંબંધ બાંધતાં જીવ બંધાય છે. અને ચૈતન્ય જ્ઞાનાનંદ જ્યોતમાં વિકલ્પ આદિ સાથે સંબંધ ન બાંધતાં પોતાની દશાથી અસંગ તત્ત્વને પામતાં તે બંધથી છૂટે છે. બસ! આ જ બંધ-મોક્ષ સંબંધી જિનેન્દ્રદેવનો ઉપદેશ છે એમ શ્રી પૂજ્યપાદસ્વામી ફરમાવે છે.

હવે કહે છે કે જ્યારે, બંધ-મોક્ષની આ જ સ્થિતિ છે તો વ્રતાદિમાં ચિત્ત લગાવી મન-વચન-કાયાની સાવધાનીપૂર્વક નિર્મમતાનો પ્રયત્ન રાખવો, નિર્મમભાવ જગાડવો.

પ્રશ્ન :—નિર્મમતાનો પ્રયત્ન શી રીતે કરવો?

પૂજ્ય ગુરુદેવ :—સ્વભાવ તરફનો પ્રયત્ન કરવો. ચૈતન્યઘન આનંદકંદ જ્ઞાનમૂર્તિ સ્વભાવમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરવો. તો નિર્મમભાવ જાગશે. અહીં મન-વચન-કાયાથી ખસી અંદર સ્વરૂપમાં સાવધાનીરૂપ નિશ્ચય ઉપાયની સાથે વ્રતાદિના વિકલ્પરૂપ શુભવ્યવહાર-ઉપાયની વાત સાથે લીધી છે.

આત્મા પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, અનંત આનંદનો કંદ પોતે જ પરમાત્મા છે. આત્મા એક વસ્તુ છે—પદાર્થનો કાયમી સ્વભાવ તો હોય ને! ત્રિકાળ આત્મવસ્તુમાં ત્રિકાળ જ્ઞાન, દર્શન, સ્વચ્છતા, આનંદ, શાંતિ આદિ અનંતગુણ સ્વભાવો જડેલા અવિનાભાવ સ્વભાવે છે. જડેલા છે એટલે ખીલી મારીને જડ્યા છે એમ નહિ પણ

**રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો—જિન કહે; ૩૯૩.**

ગોળમાં જેમ ગળપણ છે તેમ આત્મામાં જ્ઞાનાદિ શક્તિઓ જડેલી છે. આવું આત્માનું અસલી સ્વરૂપ છે. તેમાં રાગાદિ વિકલ્પનો ત્રિકાળ અભાવ હોવા છતાં વિકલ્પ ઊભો કરીને તેમાં સંગ કરે—એકત્વ કરે, સંબંધ કરે તે બંધને પામે છે, આમ સંસારમાં પરિભ્રમણના કારણ એવા બંધને જીવ પોતે જ ઊભો કરે છે.

જે કોઈ અંતરની સાવધાનીપૂર્વક નિજ શુદ્ધસ્વભાવમાં સંબંધ બાંધે, એકત્વ કરે અને રાગથી સંબંધ તોડે તે જીવ મુક્તિ પામે છે. બંધના અભાવપૂર્વક આત્માની નિર્વિકલ્પ શાંતિની પૂર્ણતારૂપ મુક્તિને પામે છે.

પરમાર્થે શરીર, કર્મ, શુભાશુભરાગાદિ વિકલ્પથી હું જુદો છું અને મારા શુદ્ધ જ્ઞાનાનંદ જ્યોતસ્વરૂપથી તે જુદા છે. તેના સ્વરૂપથી હું જુદો છું અને મારા સ્વરૂપથી તે જુદાં છે એમ અંતરમાં ભેદ પાડવાનો અભ્યાસ કરવો તે મોક્ષાર્થી જીવનું કર્તવ્ય છે.

પરસ્વરૂપથી પોતાને જુદા પાડવાનો અભ્યાસ કરવો એ આત્માના અતીન્દ્રિય આનંદની પૂર્ણતારૂપ મુક્તિની પ્રાપ્તિ માટેની ક્રિયા છે. શરીરાદિની વિવિધ અવસ્થામાં કે રાગાદિ વિકલ્પમાં મારું કાંઈ નથી અને મારા સ્વરૂપમાં તેનું કાંઈ નથી. તેનામાં હું નથી અને મારામાં તે નથી.

જુઓ ! અહીં શરીર અને વિકલ્પથી જુદા પડવાનો અભ્યાસ કરાવે છે ત્યાં સ્ત્રી, કુટુંબ, આદિની વાત તો બહુ દૂર રહી તે તો તારા હોય જ ક્યાંથી ?

પ્રશ્ન :—વિકલ્પ આવ્યા જ કરે તેનું શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વિકલ્પ ક્યાં તારા સ્વરૂપમાં છે તે આવ્યા કરે ? મફતનો તું તેને ઊભા કર્યા કરે છે. તું તો અનાદિ અનંત અણકરાયેલી જ્ઞાનમૂર્તિ છો. તેમાં વિકલ્પનો તો ત્રિકાળ અભાવ છે. છતાં ભોમાંથી ભાલાં ઊભાં કરે તેમ વિકલ્પને પોતે ઊભા કરે છે અને કહે છે કે એમ કે વિકલ્પ આવી જાય છે. શરીર, વિકલ્પ આદિ મારા નથી, હું તેનો નથી, તે મારા કોઈ નથી અને હું તેનો કોઈ નથી. બસ, આ ભેદજ્ઞાનજ્યોતિ જ કેવળજ્ઞાનનું કારણ છે. પણ લોકોને આ સાચા લાભની વાતની કાંઈ ખબર નથી અને આંધળી દોડ મૂકીને ખોટે માર્ગે ગેરલાભના રસ્તે દોડ્યા કરે છે.

ભગવાન આત્મા સત્....ચિત્ત..સત્...ચિત્ત...સત્...ચિત્ત નામ શાશ્વત ચિત્ત નામ જ્ઞાનાનંદનું આખું ભંડોળ છે—સત્ત્વ છે. તેમાં રાગાદિ નથી અને રાગાદિમાં તે નથી. આમ

> રે ! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
> તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી—જિન કહે; ૩૯૪.

અંદરમાં રાગથી ભેદજ્ઞાન કરવું એ જ રાગ અને જ્ઞાન વચ્ચે કરવત મૂકવાની કળા છે.

જેમ જીવ એક અસ્તિત્વવાળું દ્રવ્ય છે તેમ શરીર પણ અસ્તિત્વવાળું જડદ્રવ્ય છે. અનંતા પુદ્‌ગલ પરમાણુનો એક સ્કંધ છે. તેની વર્તમાન યોગ્યતા પ્રમાણે તે પરિણમે છે તેમાં જીવ કાંઈ ફેરફાર કરી શકતો નથી.

અહીં શ્રી પૂજ્યપાદસ્વામી ફરમાવે છે કે જેને અતીન્દ્રિય આનંદની પૂર્ણતારૂપ મોક્ષની પ્રાપ્તિની અભિલાષા છે તેણે ભેદજ્ઞાનની ભાવના કરવી. રાગ અને વીતરાગ આ બે સ્વભાવ વચ્ચે વહેંચણી કરવી.

હવે શ્રી ગુણભદ્રસ્વામીકૃત આત્માનુશાસનનો આધાર આપે છે કે જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી મોક્ષાર્થીએ પરદ્રવ્યથી હટવાની ભાવના કરવી એટલે સ્વભાવમાં એકાગ્રતા કરવી જેથી પરદ્રવ્યનું લક્ષ સહેજે છૂટી જશે. સંવર અધિકારમાં પણ આ વાતની પુષ્ટિ આપે એવો એક શ્લોક છે.

જેને મોક્ષની અભિલાષા નથી તે તો અનાદિથી પરદ્રવ્યમાં એકતા માને જ છે પણ જેને પૂર્ણાનંદ સ્વરૂપ મોક્ષની પ્રાર્થના છે તેણે પરદ્રવ્યનો સંબંધ તોડી સ્વભાવ સાથે સંબંધ જોડવાનો પ્રયત્ન કરવો. આત્મા વસ્તુ તો અવિનાશી શુદ્ધ છે જ. પણ અજ્ઞાની જીવે રાગ-પુણ્ય-પાપ આદિનો સંબંધ ઊભો કરી તેમાં પોતાની દૃષ્ટિનું સ્થાપન કર્યું છે તેથી તેનો સંગ છૂટતો નથી અને અસંગ થતો નથી. એ અસંગ થવાનો ઉપાય એકમાત્ર સ્વરૂપ એકાગ્રતા જ છે.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.

મોહી કર્મ બાંધે છે અને નિર્મમ જીવ મુક્ત થાય છે માટે સઘળા યત્નથી હે ભવ્યો ! તમે નિર્મમભાવ જગાવો. શુભાશુભ, કામ-ક્રોધાદિ ભાવોમાં ‘‘આ હું છું ને આ મારા છે’’ એવો જે મિથ્યાત્વભાવ છે તે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે અને હું તો એક જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છું. એક વિકલ્પ પણ મારો નથી એવો નિર્મમભાવ સંસારપરિભ્રમણથી છોડાવી જીવને મુક્તિમાં લઈ જાય છે. માટે જેને એકમાત્ર મોક્ષની પ્રાર્થના છે તેણે સર્વ પ્રયત્નથી રાગના સંબંધમાં રહેવું છોડી સ્વભાવ સાથે સંબંધ જોડવો. ઉગ્ર પ્રયત્નથી-ગાઢ પ્રયત્નથી અંતર્મુખ દૃષ્ટિ કરી નિર્મમભાવ જગાડવો.

**રે ! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો—જિનવર કહે; ૩૯૫.**

અરે ! પ્રભુના પંથ કોઈ ન્યારા છે. પ્રભુ કહે છે, તું પોતે પરમેશ્વર છો-પરમ શક્તિનું સત્ત્વ તું પોતે જ છો, માટે પામરતાના વિકલ્પોથી સંબંધ છોડ ! અને પરમેશ્વરના નિજપદની સાથે સંબંધ જોડ ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકીનાથનો આ સંદેશ છે. અરે આત્મા ! તારા ધ્રુવ સ્વભાવ સાથે સંબંધ જોડ અને રાગ સાથેનો સંબંધ તોડ ! પણ આ કામ પ્રયત્ન વગર નહિ થાય હો ! ઘણી જાગૃતિનો ગાઢ પ્રયત્ન જોઈશે.

ભગવાન ! તારામાં ક્યાં ખામી છે કે તને શરીર, ધન, કુટુંબ આદિ પરદ્રવ્યની જરૂર પડે ? તું ક્યાં અધૂરો છે કે તારે પરની આશા રાખવી પડે ? આનંદઘનજીમાં આવે છે ને ‘‘આશા ઔરનકી ક્યા કીજે ? જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરનકી મત કીજે’’ ચૈતન્યમૂર્તિ આનંદનો રસ છે. અંતર પ્રયત્ન વડે તે આનંદરસ પીને ! બહારમાં ક્યાં રસ છે !


અનાદિથી જીવે જેમ કૂતરા ઘરેઘરે રોટલાની આશા રાખે તેમ બધાં પાસે કોઈ મને મોટો કહે, ધનવાન કહે, બુદ્ધિવાન કહે, માન દઈને બોલાવે એવી આશા રાખી છે પણ અનાદિકાળમાં ક્યારેય પોતાના નિધાન સામે નજર કરી નથી. નજર કરે તો તો એવી ખુમારી ચડે કે એ ખુવારી ક્યારેય ઊતરે નહિ.

ગુરુએ સર્વ પ્રયત્નથી શિષ્યને નિર્મમ થવાનો બોધ આપ્યો ત્યારે શિષ્ય ગરજુ થઈને હવે નિર્મમ થવા માટે શું ઉપાય કરવો એમ પ્રશ્ન કરે છે. તેનો જવાબ શ્રી પૂજ્યપાદસ્વામી ચાર ગાથામાં કહેશે.


અરે ! ઘરમાં ભર્યાં-ભાણા હોય અને એઠાં ચાટવા જાય કોકના તો દુનિયા પણ એને ગાંડો કહે. પીંગળાનો દાખલો આવે છે ને કે ઘરે ભર્તૃહરિ મોટો રાજા પણ રાણી એક તુચ્છ અશ્વપાળની સાથે સંબંધ બાંધે છે. પછી ખબર પડતાં ભર્તૃહરિને વૈરાગ્ય આવે છે. ‘‘દેખા નહિ કુછ સાર જગતમેં દેખા નહિ કુછ સાર’’ એમ કરીને દીક્ષા લઈ લે છે. તેનું નાટક અગાઉ આવતું. નાનપણમાં એ નાટક જોતાં અમારાં રૂંવાડા ખડાં થઈ જતાં કે અમે આવી વૈરાગી દશામાં ક્યારે આવી જઈએ !

અહીં મુનિરાજ કહે છે કે ઘરે આત્મા ચૈતન્યનિધાનથી ભરેલો છે તેને છોડીને વિકલ્પની સાથે સંબંધ જોડવો તે વ્યભિચાર છે. તે તને શોભતું નથી ભાઈ ! ભર્યા ભાણાં છોડીને એઠાં ચાટવા જા મા ભાઈ ! (ક્રમશઃ) ❊

**રે ! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઇ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો—જિન કહે; ૩૯૬.**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૬)

## નિર્જરા અને મોક્ષતત્ત્વમાં અજ્ઞાનીની ભૂલ તથા મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ

रोके न चाह निजशक्ति खोय, शिवरूप निराकुलता न जोय।
याही प्रतीतिजुत कछुक ज्ञान, सो दुःखदायक अज्ञान जान ॥७॥

અજ્ઞાની જીવ બહારની અનુકૂળતાથી પોતાને સુખી માને છે. પણ સમ્યગ્દર્શન વગર તે દુઃખી જ છે. કીડી સાકર ખાતી હોય તે વખતે દુઃખી છે, માણસ કેરીનો રસ-રોટલી ને પતરવેલિયાં ખાતો હોય તે વખતેય દુઃખી છે, સ્વર્ગના મિથ્યાદૃષ્ટિ દેવો અમૃતનો સ્વાદ લેતા હોય તે વખતે પણ દુઃખને જ વેદી રહ્યા છે; પણ તે જીવો ભ્રમથી પોતાને સુખી માને છે. અરે ભાઈ, એ તો અશુભ ઈચ્છા છે, પાપ છે, આકુળતા છે, તેમાં દુઃખનું જ વેદન છે. મોઢામાં કેરીનો રસ પડ્યો હોય તે વખતે દુઃખનો જ સ્વાદ આવે છે; કેરીનો નહિ. એ તો અશુભની વાત થઈ, પણ શુભ—પરિણામ હોય, શુક્લ લેશ્યા હોય; તે વખતેય અજ્ઞાની જીવો દુઃખી જ છે. જ્યાં સુખ ભર્યું છે તે વસ્તુની તો તેને ખબર નથી. મોક્ષમાં આકુળતા વગરનું સુખ છે, ત્યાં કોઈ વિષયોની ઈચ્છા નથી.

'મોક્ષમાં રસ-રોટલી વગેરે તો નથી!' પણ શેનાં હોય? ત્યાં ક્યાં આકુળતા છે? જ્યાં ખાવાની ઈચ્છા જ નથી ત્યાં ખોરાકનું શું કામ છે? જ્યાં આત્મામાંથી જ સુખ અનુભવાય છે ત્યાં બાહ્ય વિષયોનું શું કામ છે? જ્યાં આત્મામા સહજ સુખમાં જ લીનતા છે ત્યાં બાહ્ય પદાર્થોની ઈચ્છા કેમ હોય? સુખ તો આત્મામાંથી આવે છે, કાંઈ બાહ્ય વસ્તુમાંથી નથી આવતું. બાહ્ય પદાર્થોને ભોગવવા કોણ ઈચ્છે?—કે જે ઈચ્છાથી દુઃખી હોય તે. જે સ્વયં સુખી હોય તે બીજા પદાર્થને કેમ ઈચ્છે? જે નીરોગ હોય તે દવાને કેમ ઈચ્છે? મુક્ત જીવોને જગતના બધા પદાર્થોનું જ્ઞાન છે પણ કોઈની ઈચ્છા નથી, ઈચ્છા નથી માટે દુઃખ નથી, પોતાના ચૈતન્યસુખના વેદનમાં જ તેઓ લીન છે.— આવી મોક્ષદશાને ઓળખે તો આત્માના સ્વભાવનું જ્ઞાન થઈ જાય, રાગમાંથી ને

રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું—જિન કહે; ૩૯૭.

વિષયોમાંથી સુખબુદ્ધિ ઊડી જાય ને તેનાથી ભિન્નતાનું ભાન થાય.—આનું નામ વીતરાગવિજ્ઞાન.

જેને આવું વીતરાગવિજ્ઞાન નથી, વિષયોમાં ને રાગમાં જેને સુખ લાગે છે, તેને ખરેખર મોક્ષ જોઈતો જ નથી, મોક્ષને તે ઓળખતો જ નથી, તે તો મૂઢતાથી રાગને–વિષયોને જ ઇચ્છે છે, અહો! મોક્ષ એ તો પરમ આનંદ છે, જગતના કોઈ પદાર્થની જેને અપેક્ષા નથી, એકલા આત્મામાંથી પ્રગટેલો પૂર્ણ આનંદ છે. જ્ઞાની તેની ભાવના ભાવે છે કે—

સાદિ અનંત અનંત સમાધિસુખમાં
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો....
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

અજ્ઞાનીને તો આવા મોક્ષની ખબર પણ નથી, એટલે અજ્ઞાનથી તે મોક્ષને બદલે રાગની ભાવના ભાવે છે. (અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે, હેતુ જે સંસારનો.) મોક્ષમાં રાગ વગરની પૂર્ણ શાન્તિ છે; અહીં પણ રાગનો જેટલો અભાવ થયો તેટલી જ શાંતિ છે, કાંઈ બાહ્ય પદાર્થોના ભોગવટામાંથી શાંતિ નથી આવતી; બાહ્ય પદાર્થો જડ અને પર છે, તેની ઇચ્છા તે દુઃખ છે; 'સુખ'માં કોઈની ઇચ્છા હોતી નથી, સુખ તો આત્માનો સ્વભાવ છે. આવું પૂર્ણ સુખ તે મોક્ષ છે.

મોક્ષમાં સિદ્ધભગવાન શું કરે? તે સદાકાળ પોતાના આનંદને ભોગવે. તે પરનું કાંઈ જ ન કરે? ના; તો, અજ્ઞાની કહે છે કે 'અમારું કાંઈ ન કરે એવા સિદ્ધભગવાન અમારે શું કામના?–એવા સિદ્ધ અમારે જોઈતા નથી;' એટલે કે મોક્ષ જ એને જોઈતો નથી, એને તો પરની કર્તૃત્વબુદ્ધિના મિથ્યાત્વમાં રખડવું છે. અરે ભાઈ! અહીં તું પણ શું કરે છે? પરનું તો તું પણ કરી શકતો નથી, તું માત્ર તારામાં રાગ અને અજ્ઞાન કરીને દુઃખ ભોગવે છે; તે સંસાર છે; ને સિદ્ધભગવંતો વીતરાગ–વિજ્ઞાનવડે પરમ સુખ ભોગવે છે, તેઓ નિજાનંદને ભોગવે છે ને આકુળતા જરાય કરતા નથી, તે મોક્ષ છે. સિદ્ધભગવંતોને સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થાય છે તેથી પૂર્ણ સુખ છે. સાધકને પણ જેટલી સ્વરૂપમાં સ્થિરતા તેટલું સુખ છે. અજ્ઞાનીને તો સ્વરૂપની ખબર જ નથી એટલે રાગાદિ પરભાવમાં સ્થિરતાવડે તે દુઃખી છે; મોક્ષસુખ કેવું હોય તેને તે ઓળખતો પણ નથી.

રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઇ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો—જિન કહે; ૩૯૮.

આત્મા પોતે આનંદસ્વરૂપ, કેવળજ્ઞાન–શક્તિવાળો છે, સ્વસન્મુખ થઈને તે શક્તિને પ્રગટ કરવી જોઈને તેને બદલે અજ્ઞાની રાગ પ્રગટ કરીને તેનાથી લાભ માને છે. આત્મશક્તિની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન વગર સંવર–નિર્જરા કે મોક્ષ થાય નહિ. ઈચ્છાથી જુદા ચૈતન્યસ્વરૂપને જાણ્યા વગર ઈચ્છાને રોકશે કોણ? નિજસ્વરૂપમાં સ્થિર થતાં એવો આનંદ અને શુદ્ધતા પ્રગટે કે બીજી ઈચ્છા જ ન રહે, ત્યારે ઈચ્છાના નિરોધરૂપ તપ અને નિર્જરા થાય છે.

હું કોણ છું એનું જેને ભાન નથી તે ઠરશે શેમાં? હજી તો જેને એવી બુદ્ધિ છે કે દુનિયામાં જીવોનું કલ્યાણ કરવા ખાતર મારે રાગ કરવો, બીજાનું કલ્યાણ થતું હોય તો મારે ભલે ભવ કરવા પડે!–આ બુદ્ધિ મિથ્યાદૃષ્ટિની છે. તેણે રાગને લાભરૂપ માન્યો છે ને રાગરહિત સ્વરૂપને જાણ્યું નથી. અરે મૂઢ! શું તારા રાગ કરવાથી બીજાનું કલ્યાણ થઈ જવાનું છે? બીજાનું તો કલ્યાણ તે કરશે તો થશે કે તું કરી દેવાનો છો? હજી તો તારા કલ્યાણની પણ તને ખબર નથી. 'બીજાને તારે તે તરે' આવી પરાશ્રયની વાત લોકોને સારી લાગે પણ તે સાચી નથી. તેમજ 'તરે તે તારે' એમ પણ નથી. લોકોને પરાશ્રયબુદ્ધિ હોવાથી જાણે બીજા કોઈ જ્ઞાની કે ભગવાન તારી દેશે! એમ માને છે. જીવ પોતે પોતામાં આત્માની ઓળખાણ કરીને, વીતરાગવિજ્ઞાન વડે રાગનો અભાવ કરીને તરે છે; ને સામા જીવો પણ જ્યારે તે પ્રમાણે કરશે ત્યારે તરશે, તેમાં આ જીવ કાંઈ કરતો નથી. પરને તારવાની ઈચ્છા આત્માનું સ્વરૂપ નથી, ઉપદેશની વાણી આત્માની નથી, તે ઈચ્છાથી કે વાણીથી આત્માને લાભ નથી. જ્ઞાનસ્વરૂપી આત્મા તે બંનેથી ભિન્ન છે. તેના વેદનમાં ઈચ્છાનો અભાવ છે. આ પ્રમાણે જેણે ઈચ્છાને અને જ્ઞાનને ભિન્ન જાણ્યા છે તેને જ ઈચ્છાના નિરોધરૂપ તપ થાય છે ને તેને જ નિર્જરા થાય છે. શરીરને કષ્ટ દેવાથી નિર્જરા થશે એમ માને તેને નિજશક્તિના વિકાસરૂપ નિર્જરાની ખબર નથી, એને તો દેહબુદ્ધિ છે એટલે મિથ્યાત્વનો મોટો આસ્રવ છે. નિર્જરામાં તો આત્માની શક્તિનો વિકાસ છે, શુદ્ધતાની વૃદ્ધિ છે, આનંદ છે, કષ્ટ નથી, એવી નિર્જરા તે જ મોક્ષનું કારણ છે.

અજ્ઞાની દેહમાં ને રાગમાં એકત્વબુદ્ધિપૂર્વક જે તપ કરે છે તે ખરેખર તપ નથી, ને મોક્ષના કારણરૂપ નિર્જરા તેમાં થતી નથી, એનું તપ તો બાળ–તપ છે એટલે કે મિથ્યા તપ છે; તેમાં અકામ નિર્જરા છે પણ તે કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શનપૂર્વકનું સમ્યક તપ છે, તેનાથી સકામ-નિર્જરા થાય છે. નિર્જરાના આવા

**અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો—જિન કહે; ૩૯૯.**

સ્વરૂપને અજ્ઞાની જાણતો નથી, ને બીજી રીતે માનીને સંસારમાં રખડે છે. વીતરાગ-વિજ્ઞાન વગર તે રખડવાનું મટે નહિ.

ભાષા કે ઈચ્છા તે બંને જીવનો ધર્મ નથી. સામા જીવો સમજે કે વિરોધ કરે તેમાં આ જીવને કાંઈ લાભ કે નુકશાન નથી. બીજાને સમજાવવાનો વિકલ્પ તે પોતાને બંધનું કારણ છે—પછી ભલે તીર્થંકરપ્રકૃતિનું કર્મ બંધાય, તે પણ છે તો બંધન જ ને? ને જે બંધન છે તે ધર્મ કેમ હોય?–તે મોક્ષનું કારણ કેમ હોય? તીર્થંકરપ્રકૃતિ જોકે ધર્મીને જ બંધાય છે, પણ તે ધર્મથી નથી બંધાતી, ધર્મ સાથે જે રાગ બાકી રહ્યો તેનાથી બંધાય છે. ધર્મીને તે રાગનો, તે પ્રકૃતિનો કે તેના ફળનો આદર નથી, તેનાથી તે પોતાને લાભ માનતા નથી, તેનાથી ભિન્નસ્વરૂપે પોતાને અનુભવે છે. જેટલી સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગતા થઈ તેટલો જ લાભ છે ને તેટલો જ ધર્મ છે. આત્મહિતના ઉપાયરૂપ આવા વીતરાગવિજ્ઞાનને અજ્ઞાની ઓળખતો નથી. તેને તો તે કષ્ટદાયક માને છે ને રાગાદિને સુખદાયક માને છે. આવી વિપરીત માન્યતાપૂર્વક તેનાં વ્રત–તપ વગેરે પણ વિપરીત જ હોય છે–એ વાત હવેની ગાથામાં કહેશે. તત્ત્વની સમજણમાં આવી અનાદિની ભૂલ છે તે છોડવા માટે શ્રીગુરુની શિખામણ છે.

ભાઈ, તારા આત્માના ભાન વગર તું બહુ દુઃખી થયો. આત્માના ભાન વગર પરસન્મુખનો વેગ અટકે નહિ, ઈચ્છા તૂટે નહિ ને દુઃખ મટે નહિ. જેણે આત્માને દેહથી ભિન્ન જાણ્યો છે તે દેહમાં રોગાદિ વખતે પણ આત્મસ્વરૂપની સાવધાની ચૂકતા નથી. લાખ પ્રતિકૂળતા હોય તોય મને શું?–તે કાંઈ મારામાં નથી. પરદ્રવ્ય છેદાવ કે ભેદાવ, આવો કે જાઓ, તેથી મને શું? હું તો જ્ઞાન છું; જ્ઞાનમાં ઈચ્છા પણ નથી ને સંયોગ પણ નથી. જેને આવા નિજરૂપનું ભાન નથી તે કદાચિત્ ભગવાનનું નામ લેતાં લેતાં મરે તોપણ તે દેહમાં ને રાગમાં જ મૂર્છાયેલા છે, એનાથી ભિન્ન નિજસ્વરૂપની જાગૃતિ તેને નથી. તેને મોક્ષમાર્ગની કે મોક્ષની ખબર નથી.

કોઈ એમ માને કે દેહ અને આત્મા એક છે, કોઈ એમ માને કે રાગ ને આત્મા એક છે, અને કોઈ એમ માને કે મોક્ષમાં એક આત્મા બીજા આત્મામાં ભળી જાય,–તો એ બધાય સ્વ–પરની એકત્વબુદ્ધિવાળા સરખા જ છે. જેમ અહીં દરેક આત્મા જુદો પોતપોતાના ભાવમાં છે, તેમ મોક્ષદશામાં પણ દરેક મુક્તજીવ જુદા પોતપોતાના સ્વરૂપમાં જ રહેલ છે...દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે. (ક્રમશઃ) ❊

**રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો—જિન કહે; ૪૦૦.**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

### જ્ઞાન અધિકાર

જડ કર્મ પરિભ્રમણનું કારણ નથી, રાગ પણ ભવભ્રમણનું મૂળ કારણ નથી, પણ રાગ અને જ્ઞાન જ્ઞેય અને જ્ઞાનની એકત્વબુદ્ધિ તે જ સંસાર અને સંસારનું કારણ છે. ભાવકર્મ—રાગદ્વેષ થાય છે તે એક સમયની અશુદ્ધ પર્યાય છે. એટલો જ હું છું, એના આધારે લાભ થાય, શુભરાગના આધારે જ્ઞાન ખીલે, એવી પર્યાયબુદ્ધિ જ સંસાર છે. રાગથી-જ્ઞેયથી જ્ઞાન નથી. ત્રિકાળ જ્ઞાનસ્વભાવથી જ મારું સર્વસ્વ છે, સ્વાશ્રય જ્ઞાતાપણું એ જ ધર્મ છે. મારો સ્વભાવ જ જાણવાનો છે. પરની હિંસા કે દયા, શરીરની ક્રિયા, ભાષા વગેરે મારે આધીન નથી. જ્ઞાયકમાત્રપણામાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા—તે ધર્મ છે. શુભાશુભરાગનો હું જાણનાર છું, જ્ઞાનસ્વભાવમાં ભવ અને ભવભ્રમણની તાકાત નથી, હું તો નિત્ય જાણનાર સ્વભાવી જ છું, એવો દૃઢ નિશ્ચય તે ભવરહિતની શ્રદ્ધા છે. અને ભવ-વિકાર રહિતનું જ્ઞાન તે જ સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન છે.

મારા જ્ઞાનનો પર્યાય મેચક—અનેક પ્રકારને જાણે, તે મારું નિશ્ચય સ્વસામર્થ્ય છે. જ્ઞાન પરને જાણે તેમ કહેવું તે ઉપચાર છે. મારા મતિ-શ્રુતજ્ઞાનમાં રહીને જાણું છું, તે નિશ્ચય છે. લોકાલોકને જાણે છે તે ઉપચાર છે. કેવળીને પણ એ રીતે નિશ્ચય-વ્યવહાર જાણવો.

જ્ઞેય પલટે, શરીરનો ઘાત થાય—વિયોગ થાય તેથી મારી જ્ઞાનવસ્તુનો કાંઈ નાશ થતો નથી. જ્ઞાન કોને મારે કે કોને જીવાડે? જ્ઞાન તો માત્ર જાણે. નિશ્ચયથી જ્ઞાન પોતાની જ્ઞાનપર્યાયને જાણે છે. પરને જાણવાવાળો છું એમ કહેવું તે ઉપચાર છે. પરને મારે કે જીવાડે, આહાર-પાણી લ્યે કે દે, એ વ્યવહાર જ્ઞાનમાં નથી. કેમકે પરની પર્યાયનો સ્વમાં અત્યંત અભાવ છે. માટે કોઈના કારણે કોઈનું સત્ છે એમ નથી. જે સમયે જેમ બને છે તેમ જ્ઞાન તો પોતાની પર્યાયના કારણે તેને જાણે છે. પરના કારણે જ્ઞાનનું અસ્તિત્વ નથી, અને જ્ઞેય પલટતાં જ્ઞાનનો વિનાશ થઈ જાય—એમ નથી. પરજીવ મર્યો તેને કારણે જ્ઞાનમાં

**આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,**
**તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું—જિન કહે; ૪૦૧.**

કાંઈ નુકસાન થયું—એમ નથી. જ્ઞાન તો તેને જાણનાર છે. જ્ઞાન ત્રિકાળ છે, તે સત્ છે, ને જ્ઞાનની પર્યાય પણ પોતાથી જ સત્ છે. આહાર-પાણી આવે કે જાય—તેના કારણે જ્ઞાનમાં કાંઈ લાભ-નુકસાન નથી, પર જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે એ પણ ઉપચારથી છે, ખરેખર જ્ઞાનમાં પરદ્રવ્યો આવી જતાં નથી. રાગ અને નિમિત્તના અવલંબન વગર પોતાથી જ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

લોકાલોક આત્મામાં નથી. માટે લોકાલોકનું જ્ઞાન ઉપચારથી કહ્યું, પણ તેનો અર્થ એમ નથી કે કેવળી ભગવાનને લોકાલોકનું જ્ઞાન જ નથી.

કોઈ એમ પ્રશ્ન કરે કે લોકાલોકનું જ્ઞાન ઉપચારથી કહ્યું, તો સર્વજ્ઞપદ પદ ઉપચારથી થયું. તો શું સર્વજ્ઞપદ જૂઠ છે? ઉપચાર તો જૂઠ છે અને તમે કહો છો કે લોકાલોકનું જ્ઞાન તો ઉપચારથી છે, તો શું સર્વજ્ઞપદ પણ ઉપચારથી છે?

તેનું સમાધાન :—અરે ભાઈ! જેના જ્ઞાનસામર્થ્યમાં ઉપચારમાત્રથી પણ લોકાલોક ભાસ્યો, તે જ્ઞાનનું સામર્થ્ય કેટલું!! જેનું વ્યવહારસામર્થ્ય પણ આટલું, તેના નિશ્ચયસામર્થ્યનું શું કહેવું? પરજ્ઞેયો આત્મામાં નથી માટે તેનું જ્ઞાન ઉપચારથી કહ્યું છે, પણ જ્ઞાનનું સામર્થ્ય છે તે કાંઈ ઉપચારથી નથી. લોકાલોક કરતાં પણ અનંતું જાણવાની જ્ઞાનની બેહદ શક્તિ છે, પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે જેમ મંડપ સુધી વેલો પથરાય છે, પણ તેનામાં હજી વિશેષ પણ પથરાવાની તાકાત છે, તેમ આ જ્ઞાન લોકાલોકના મંડપને પહોંચી વળ્યું છે, પણ એટલું જ જાણવાની જ્ઞાનની શક્તિ છે—એમ નથી. અનંત લોકાલોક હોત તો તેને પણ જાણી લેવાની જ્ઞાનની શક્તિ છે, તે તો જ્ઞાનનો સ્વતઃ સ્વભાવ છે. જુઓ, આ જ્ઞાનનું સામર્થ્ય?

આત્મા લોકાલોકને જાણે છે અને પોતાને નથી જાણતો—એમ વ્યવહારનયથી કોઈ કહે તો તેમાં શું દોષ છે? અર્થાત્ કાંઈ દોષ નથી, પણ ત્યાં એનો એવો અર્થ નથી કે—લોકાલોકને જાણવાનું સામર્થ્ય જ્ઞાનમાં નથી. લોકાલોકને વ્યવહારથી જાણે છે ને પોતાને તો નિશ્ચયથી જાણે છે. જો નિશ્ચયથી લોકાલોકને જાણે તો તે પર સાથે એકમેક થઈ જાય! ને જો વ્યવહારથી પોતાને જાણે તો તે પોતાથી જુદો ઠરે. માટે કહ્યું કે નિશ્ચયથી આત્મા પોતાને જ તન્મયપણે જાણે છે, લોકાલોકને નહિ. પણ આત્મામાં સર્વજ્ઞશક્તિ છે તે કાંઈ ઉપચાર નથી, તે તો વાસ્તવિક સ્વરૂપ છે.

**નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,**
**તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.**

જેને તન્મય થયા વિના લોકાલોક ઉપચારથી ભાસ્યો તેના નિશ્ચયજ્ઞાનનો શો મહિમા કહેવો? સર્વજ્ઞપણું નહિ માનનાર એક પંડિત તત્ત્વાર્થવૃત્તિની પ્રસ્તાવનામાં લખે છે કે ''ભગવાન મહાવીર તો વિશિષ્ટ તત્ત્વવિચારક હતા,'' તો તેને વસ્તુસ્વભાવની શ્રદ્ધા નથી.

જ્ઞાનની તાકાત લોકાલોકને ઉપચારથી જાણવાની છે, પણ અનંતા લોકાલોક હોય તો તેને પણ જ્ઞાન જાણે એવું તેનું સામર્થ્ય છે. આ જ્ઞાન સ્વસંવેદનરૂપ થયું થકું સર્વને જાણે એવા સહજ સ્વભાવવાળું છે. કોઈ નિમિત્તનું વેદન અથવા પુણ્ય-પાપના વિકલ્પનું વેદન કરે તે બધાને જાણે એવું નથી.

જુઓ, ધર્મ ચીજ અંતરની છે. વસ્તુનો સ્વભાવ જ્ઞાયક છે પરમાં ભળ્યા વિના સ્વભાવ સ્વસંવેદનથી સર્વને જાણે છે. નિશ્ચય શું? એમ ન જાણે તેનું પરનું જાણવું પણ સાચું નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધાનું જાણવું વ્યવહારે સાચું ક્યારે થાય? કે નિશ્ચયથી સ્વસંવેદનરૂપ સ્વને જાણે ત્યારે.

પરની ઉપેક્ષા સ્વ છે, સ્વની ઉપેક્ષા પર છે. પરસ્પર અભાવરૂપ સ્વતંત્ર અસ્તિત્વ છે. સ્વમાં અથવા સ્વને લઈને પર નહિ. પરને લઈને સ્વ નહિ. નિશ્ચયથી પરના વેદન વિના પૂર્ણ સ્વરૂપને જાણે છે છતાં પરને જાણવારૂપ ઉપચાર પણ છે—એવી વિવક્ષાથી વસ્તુસિદ્ધિ છે. એમ સમ્યગ્જ્ઞાનથી સ્વરૂપ અનુભવ થાય છે. (ક્રમશઃ) ❊

ધર્મની વ્યાખ્યાઃ વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે. તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે. બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુ સ્વભાવને ધર્મ કેમ કહ્યો? કે પર તરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એમ બતાવીને વસ્તુસ્વભાવમાં ધર્મની પર્યાય અભેદ થાય છે માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન, ભક્તિ, પૂજાનાં શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે. એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અભેદની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે એ ધર્મની વાત નથી. કેમકે તે ભેદ-વિવક્ષામાં જાય છે જેમ ગોળનો ગળપણ, મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે.

પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

રે ! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઈમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.

# આદર્શ પુત્ર અને આદર્શ માતા

પુત્ર કહે છે–

હે માતા ! નિજાનંદનો પ્યાસી મારો આત્મા હવે આ સંસારની દુઃખવેદનાથી ત્રાસ પામ્યો છે...ચૈતન્યસુખ સિવાય બીજે ક્યાંય ચેન નથી...આત્માના આનંદમાં જ ચિત્ત ચોંટ્યું છે...એના સિવાય ક્યાંય મારું ચિત્ત ચોંટતું નથી....બહારના નિઃસાર ભાવો અનંતકાળ કર્યા હવે ત્યાંથી હટીને મારું પરિણમન અંદર ઢળે છે...અંદર જ્યાં મારો આનંદ ભર્યો છે ત્યાં હું જાઉં છું...તે માટે હે માતા ! આશીર્વાદ સહિત રજા આપ.

માતા કહે છે–

હે પુત્ર ! જે તારો માર્ગ છે તે જ મારો માર્ગ છે. તારો આત્મા ભવદુઃખથી છૂટે ને આત્મીક સુખ પામે એના જેવું ઉત્તમ શું ? માતા હોંશથી પોતાના પુત્રને સુખપ્રાપ્તિના આશીષ આપે છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—દ્રવ્યલિંગી ક્રિયા કેટલી આકરી કરે, શાસ્ત્રના ભણતર પણ કેટલા હોય છે છતાં એનું બધું સ્થૂળતામાં નાખી દેવાય ?

ઉત્તર :—દ્રવ્યલિંગીએ ક્ષયોપશમની ધારણાથી ને બાહ્ય ત્યાગથી બધું કર્યું છે. એમ તો એને બાહ્યથી વૈરાગ્ય પણ ઘણો દેખાય. હજારો રાણી, રાજપાટ છોડ્યા હોય છે પણ એ એનો વૈરાગ્ય સાચો નથી. પુણ્ય-પાપના પરિણામથી અંદર વિરક્ત થયો નથી. સ્વભાવ મહાપ્રભુ છે, અનંતાનંત ગુણોનો દરિયો આનંદથી ભર્યો છે, એનો અંદરથી મહિમા આવ્યો નથી.

પ્રશ્ન :—દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે કે અશુભમાં પણ છે ?

ઉત્તર :—દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે.

પ્રશ્ન :—કાયા અને કષાયમાં એકત્વ છે તેનો ખ્યાલ તેને આવે છે ?

ઉત્તર :—તેને ખ્યાલ આવતો નથી.

પ્રશ્ન :—તો ધારણાજ્ઞાન પણ તેને સાચું ન થયું ?

ઉત્તર :—તત્ત્વના જાણપણાનું ધારણાજ્ઞાન તો બરાબર છે પણ પોતે ક્યાં અટકે છે તે પકડાતું નથી. કષાયની ઘણી મંદતા છે તેમાં સ્વાનુભવ માને છે.

પ્રશ્ન :—એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી, અડતું નથી, ચુંબતું નથી તેથી સમયસાર ગાથા ૩માં કહ્યું છે કે આત્મા શરીરને તેમજ એક શરીર બીજાના શરીરને અડતા નથી. જીવ ખોરાકને લઈ શક્તો નથી. ભાષા બોલી શક્તો નથી. પર વસ્તુ ચોરી શકાતી નથી. ધન–ધાન્ય આદિ ગ્રહણ કરી શકાતા નથી તો મુનિઓ હિંસા–જૂઠ–ચોરી–અબ્રહ્મ ને પરિગ્રહનો ત્યાગ શા માટે કરે છે ?

ઉત્તર :—ભાઈ ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું કે અડતું નથી તે તો મહાસિદ્ધાંત છે. વસ્તુસ્થિતિ એમ જ છે. એક દ્રવ્ય બીજા જીવ કે પુદ્ગલદ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી અને અન્ય દ્રવ્યની ક્રિયાથી જીવને બંધ પણ થતો જ નથી, પરંતુ ત્યાં વિશેષ એ છે કે પરદ્રવ્યના લક્ષે થતાં રાગાદિ ભાવો જીવને બંધનું કારણ થતાં હોવાથી હિંસાદિ

> સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
> ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

પોતાના પાપ ભાવોનો મુનિ ત્યાગ કરે છે તેથી તે રાગાદિ પાપ ભાવોના ત્યાગના નિમિત્તભૂત બાહ્ય હિંસાદિ પરદ્રવ્યોની ક્રિયાનો ત્યાગ કર્યો તેમ ઉપચારથી કહેવાય છે.

**પ્રશ્ન :—જ્ઞાન વગરનો વૈરાગ્ય તે રુંધાયેલો કષાય છે?**

ઉત્તર :—હા, આત્માના જ્ઞાન-ભાન વિનાના કષાયની મંદતાના વૈરાગ્યરૂપ પરિણામમાં કષાય દબાયેલો છે, કષાય ટળ્યો નથી. એ દબાયેલો-રુંધાયેલો કષાય ફાટશે ત્યારે નરક નિગોદમાં ચાલ્યો જાશે. ભલે બહારથી સ્ત્રી પુત્રાદિ છોડ્યા હોય પણ આત્માના ભાન વિનાનો કષાય ટળતો નથી, દબાય છે અને કાળક્રમે ફાટતા તીવ્ર કષાય થાય છે.

**પ્રશ્ન :—ભાવલિંગી મુનિનું લક્ષણ શું?**

ઉત્તર :—અંતર્મુહૂર્તમાં છઠ્ઠા—સાતમાં ગુણસ્થાને આવ્યા કરે તે ભાવલિંગી મુનિનું લક્ષણ છે. છઠ્ઠા ગુણસ્થાને પણ અંદર શુદ્ધ પરિણતિ રહે છે તે ભાવલિંગીપણું છે. મુનિદશામાં તો આનંદનું પ્રચુર સ્વસંવેદન હોય છે, ચોથા-પાંચમા ગુણસ્થાને આનંદનું વેદન હોય છે પણ અલ્પ છે, પ્રચુર આનંદનું વેદન તો ભાવલિંગી મુનિને હોય છે.

**પ્રશ્ન :—ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભભાવ આવે છે, તો તે પણ મોક્ષમાર્ગ છે? શું તેને તે ભલો અને સુખરૂપ લાગે છે? જો નહિં તો કેમ?**

ઉત્તર :—ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવે છે તે પ્રમાદ છે, શાસ્ત્રમાં તેને જગપંથ કહ્યો છે. સ્વરૂપમાં ઠરી જવું એ જ મુનિદશા છે, એમાંથી શુભરાગમાં આવવું ગોઠતું નથી. જેમ ચક્રવર્તીને પોતાના સુખદાયી મહેલમાંથી બહાર આવવું ગમતું નથી તેમ ચૈતન્યમહેલમાં જે વિશ્રાંતિથી બેઠા છે તેને એ સુખદાયી ચૈતન્યમહેલમાંથી બહાર આવવું ગમતું નથી. અશુભરાગ તો પાપરૂપ ઝેર છે પણ શુભરાગ પણ દુઃખરૂપ બંધન છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદની મૂર્તિ છે એવા સ્વરૂપની ઓળખાણ થઈ છે તેને સ્વરૂપમાંથી બહાર આવવું ગમતું નથી. જેને ૯૬ હજાર રાણીઓ, ૯૬ કરોડ ગામ ને ૧૬ હજાર દેવો સેવા કરનાર છે એવી સાહ્યબીમાં પડેલાં ચક્રવર્તી મળને છોડે તેમ વિભૂતિને ક્ષણમાં છોડી આનંદનો ઉગ્ર સ્વાદ લેવા વનમાં ચાલી નીકળે છે. એ અતીન્દ્રિય આનંદનો ઉગ્ર—પ્રચૂર સ્વાદ લેનારને શુભરાગમાં આવવું મુશ્કેલ લાગે છે, બોજો લાગે છે, બહાર આવવું ગમતું નથી. શાસ્ત્ર રચવાનો કે ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે પણ તે બોજારૂપ લાગે છે.

**એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ’રક ખરે,**
**પુદ્‌ગલમયી છે આ’ર તેથી આ’ર તો મૂર્તિક ખરે. ૪૦૫.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન*** **:—**શ્રીમદ્જીએ એક જગ્યાએ એમ લખ્યું છે કે જ્ઞાની પુરુષ કરતાં જો જીવને પરિગ્રહ પ્રત્યે વધારે પ્રેમ છે તો ખરી રીતે તે આત્માને સમજવાને કે પામવાને લાયક નથી, તો એનો શું અર્થ છે?

**સમાધાન :—**જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા જ્ઞાની કરતાં પરિગ્રહ પ્રત્યે પ્રેમ એટલે કે બહારનો રસ વધી જાય અર્થાત્ પરિગ્રહની મહિમા આવે અને જ્ઞાની પ્રત્યેની મહિમા ન આવે તો તે ખરેખર લાયક નથી. તેને પરિગ્રહ ગૌણ થઈ જવો જોઈએ, બહારનો રસ ઊતરી જવો જોઈએ; તો જ્ઞાનીની તેને મહિમા આવે. તેને જ્ઞાન જોઈએ છે તેથી જ્ઞાનમાં તેને આત્મા તરફની મહિમા આવવી જોઈએ. જ્ઞાની તરફની મહિમા એટલે કે અંતરમાં આત્મા તરફની મહિમા એવો અર્થ નીકળે છે. માટે આ જાતની મહિમા હોય અને પરિગ્રહની ગૌણતા થઈ જાય તો જ તેને જ્ઞાની પ્રત્યેની અર્પણતા અને આત્મા તરફની મહિમા આવે છે. બંનેને મેળ છે.

મુમુક્ષુ:—શું જ્ઞાનીની અને આત્માની મહિમાને મેળ છે?

બહેનશ્રી:—હા, બંનેને મેળ છે. જ્ઞાનીની મહિમા કરે છે તેનો અર્થ એ છે કે તેને આત્મા જોઈએ છે, અંતરમાં આત્માનું એને ધ્યેય છે.

***પ્રશ્ન*** **:—**પૂર્વભવનું કારણ હશે?

**સમાધાન :—**પૂર્વભવનું કારણ અને વર્તમાન પોતાની યોગ્યતા. પૂર્વે સાંભળ્યું હોય તે પણ કારણ હોય અને વર્તમાન પોતાનો પુરુષાર્થ પણ કારણ હોય. ગુરુદેવ પાસેથી માર્ગ સાંભળ્યો અને વર્તમાન પોતાનો પુરુષાર્થ થયો એની સાથે પૂર્વની યોગ્યતા—સંસ્કાર પણ કારણ હોય. જ્યારે જીવ તૈયારી કરે છે ત્યારે તે નવું જ હોય છે. ગયા કાળે તૈયારી થઈ હોય તો તે સમયે નવું હતું. માટે પૂર્વના સંસ્કારને મુખ્ય ન કરવા.

***પ્રશ્ન*** **:—**આ જ કરવા જેવું છે તેમ આપને લાગ્યું એમ અમને પણ લાગે, તે માટે આપની પૂર્વભૂમિકાની થોડી વાત કરવા કૃપા કરશો.

**જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,**
**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.**

**સમાધાન :—**આ જ કરવા જેવું છે તેવી ભાવના પાછળ પ્રયત્ન ઊપડે નહિ ત્યાં સુધી શાંતિ થતી નથી. એવો વિચાર આવે કે આ જ કરવા જેવું છે એમ નક્કી કર્યું છતાં પુરુષાર્થ કેમ થતો નથી? શું મારા નિર્ણયમાં ખામી છે? છે શું? એમ વિચારો આવે. આ જ કરવા જેવું છે એમ ભાવના હતી ને! એટલે એવા જ વિચારો આવ્યા કરતા હતા. હજી કેમ પુરુષાર્થ ઊપડતો નથી? શું હજી ક્યાંક રુચિ છે? હજી કેમ અરેરાટી થતી નથી? એવા વિચારો પુરુષાર્થની તીવ્રતા માટે આવ્યા જ કરતા હતા.

ગુરુદેવ કહેતા હતા કે સ્વાનુભૂતિમાં પેલીપાર આત્મા બિરાજે છે, નિર્વિકલ્પ દશા બધાથી જુદી છે. જોકે વચ્ચે માર્ગ શું આવે છે તેની ઝાઝી તો કાંઈ સ્પષ્ટતા હતી નહિ, છતાં પણ ગુરુદેવ નિર્વિકલ્પ દશાને સ્વાનુભૂતિ કહે છે અને તે મુક્તિનો માર્ગ છે; તથા આત્મા જુદો છે તેમ કહે છે. એવી જાતનું પકડાણું હતું.

બધું (કરાંચી) છોડ્યું, હવે શું કરવાનું છે? જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી. અંતરમાં જે વિકલ્પની માળા છે તે પણ આકુળતા છે, તેનાથી છૂટવું તે જ ખરો માર્ગ છે. આ જે વિભાવની એક પછી એક ઘટમાળ ચાલે છે તેનાથી આત્મા જુદો છે, તે અંતરમાંથી પ્રાપ્ત થાય છે. આ બધાથી (અન્ય મતથી) જુદો સત્ય માર્ગ છે. એમ વિચારો આવતા અને સમ્યગ્દર્શન થયા પછી એમ નક્કી થઈ ગયું કે આ જ માર્ગ છે, ગુરુદેવે કહ્યું તે આ જ છે.

***પ્રશ્ન :—*****દ્રવ્ય ને પર્યાય વચ્ચે કોઈ સાંધ છે કે આ દ્રવ્ય–પર્યાયનું જોડકું અને તેમાંથી દ્રવ્યને છૂટું પાડીને ગ્રહણ કરી શકાય?**

**સમાધાન :—**દ્રવ્ય પોતે શાશ્વત છે, તેમાં દ્રવ્ય-પર્યાયનું જોડકું છે. વિભાવ પર્યાય તો દેખીતી રીતે આકુળતારૂપ છે; અને જે શુદ્ધ પર્યાય છે તે અત્યારે પ્રગટ નથી. શુદ્ધ પર્યાય ક્યાં પ્રગટ છે? દ્રવ્ય જે શુદ્ધસ્વરૂપ છે તેને ગ્રહણ કરવાનું છે. જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં અંશે શુદ્ધ પર્યાય તો તેની સાથે સાથે જ પ્રગટે છે. તે કાળે સાથે રહેલું જ્ઞાન જાણે છે કે આ જે વિભાવ પર્યાય છે તે હું નથી. આ જ્ઞાયક તે હું છું અને શુદ્ધ પર્યાય જેટલો પણ હું નથી. ચૈતન્યને ગ્રહણ કર્યો તેમાં પર્યાય અને દ્રવ્યનું બધું જ્ઞાન સાથે આવી જાય છે. કોઈને કાંઈ છૂટા પાડવા પડતા નથી, કારણ કે વિભાવ પર્યાય તો મલિન જ છે. પોતે પોતાને ગ્રહણ કરે ત્યાં વિભાવ પર્યાય તો જુદી જ રહે છે. અને સ્વભાવ પર્યાય તો એની સાથે સાથે પ્રગટ થઈ રહી છે. તેને છૂટી ક્યાં પાડવી છે? એક અખંડ દ્રવ્યને ગ્રહણ કર્યું ત્યાં વચ્ચે શુદ્ધ પર્યાયો પ્રગટ થાય જ છે. તેમાં જીવને રોકાવાનું ક્યાં છે? શુદ્ધ પર્યાયનું અંશે શાંતિરૂપે વેદન થાય છે, તેને કાંઈ ગ્રહણ કરવાનું નથી. તે જાણવામાં અને વેદનમાં આવે છે.

# બાળ વિભાગ

## પુણ્ય-પાપની વિચિત્રતા

(શ્રી મહાવીરસ્વામીના સમયમાં શ્રી જમ્બૂસ્વામીના પહેલા થયેલ કામદેવ પદવીના ધારક, તદ્ભવ મોક્ષગામી શ્રી જીવંધરસ્વામીનું ચરિત્ર)

રાજપુરી નગરીના રાજા સત્યંધરે પોતાનું રાજ્ય મંત્રી કાષ્ઠાંગારને સોપી દઈ ભોગમાં લીન બન્યા. આ બાજુ મંત્રીને ખોટો વિચાર આવવાથી રાજાને બંદી બનાવવાનો આદેશ કર્યો. રાજાને આ વાતની જાણ થતા કેકીયંત્રમાં ગર્ભસ્થ રાણીને બેસાડી આકાશમાર્ગે રવાના કરી દીધી. કેકીયંત્રે રાણીને સ્મશાનભૂમિમાં પહોંચાડી દીધી જ્યાં જીવંધરનો જન્મ થયો. દૈવયોગે એક દેવી આવીને રાણીને આશ્વાસન આપે છે કે તમારા પુત્રનું લાલન-પાલન રાજકુમાર ઉચિત થશે. જીવંધરના પુણ્યયોગે તે જ સમયે ગંધોત્કટ શેઠ કે જે પોતાના મૃત પુત્રના અંતિમ સંસ્કાર માટે આવેલા અને અવધિજ્ઞાની મુનિના કથન અનુસાર તેમને જીવંધરની પ્રાપ્તિ થાય છે અને તેઓ ઘરે આવીને પુત્રને સુનંદા શેઠાણીને આપે છે અને જીવંધર ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. આર્યનંદી નામના મુનિ કે જેમને ભસ્મક રોગ થવાથી ક્ષુધારોગના શમન માટે ગંધોત્કટ શેઠની ભોજનશાળામાં આવે છે અને બધું જ ભોજન ખાઈ લે છે છતાં તૃપ્ત ન થતા જીવંધર પોતાના ભોજનમાંથી અમુક ભોજન આપે છે જેનો એક ગ્રાસ ખાવા માત્રથી રોગનું શમન થઈ જાય છે અને તેના ઉપકારનો બદલો વાળવા જીવંધરને વિદ્વાન બનાવવાનો નિર્ણય કરે છે. પુણ્યોદયથી જીવંધર સ્વયંવરમાં ગંધર્વદત્તાને વીણાવાદનમાં જીતી વિજયી થયા. એક વાર એક કૂતરાએ યજ્ઞ સામગ્રી જૂઠી કરી જેથી લોકો તેને મારતા હતા અર્ધમૃત અવસ્થામાં જીવંધર તેને ણમોકાર મંત્ર સંભળાવે છે. મરીને તે યક્ષેન્દ્ર થાય છે અને તકલીફના સમયે યાદ કરશો તો ઉપસ્થિત થઈ જઈશ એવું જીવંધરને વચન આપે છે. પુણ્યોદયે જીવંધર તીર્થવંદના કરતા રસ્તામાં પરોપકાર કરતા ઉત્તમકુળની કન્યાઓ સાથે વિવાહ થાય છે..... આગળ

જીવંધરકુમારે ક્ષેમપુરીથી તીર્થવંદના માટે આગળ જાતા સમયે માર્ગમાં એક ખેડૂત મળ્યો, તેમણે તેને ધર્મનું જ્ઞાન કરાવ્યું અને વ્રતી-શ્રાવક બનાવ્યો તથા તેને પાત્ર જાણીને પોતાના લગ્ન પ્રસંગે મળેલ બધા આભૂષણોને દાનસ્વરૂપમાં આપી આગળ વધ્યા.

યાત્રાની થકાવટ દૂર કરવા માટે તેઓ વનમાં એકાંત સ્થાન પર વિશ્રામ કરી રહ્યા હતા. એટલામાં જ અનંગતિલકા નામની એક વિદ્યાધરી યુવતી સામે આવી અને તેમને દેખતા જ તે કામાસક્ત થઈ ગઈ. તેણે જીવંધરને લોભવવા માટે એક સ્ત્રીને યોગ્ય ઘણા માયાચારી પ્રયત્નો કર્યા, પણ જીવંધર અડગ રહ્યા. એટલામાં જ તે યુવતીને પતિનો અવાજ સંભળાયો, જે તેના વિયોગમાં પાગલ જેવો આર્તધ્યાન કરતો થકો આ તરફ આવી રહ્યો હતો. તેનો અવાજ સાંભળતાં જ તે યુવતી ત્યાંથી ચાલી ગઈ. યુવકને

તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,
છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.

દુ:ખી જોઈને જીવંધરકુમારે તેને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, તોપણ તે તેના વિયોગમાં પાગલ જ રહ્યો.

ત્યારબાદ જીવંધર યાત્રા કરતા થકા હેમાભ્મા નગરીમાં પહોંચ્યા અને ત્યાંના રાજા દૃઢમિત્રના અનુરોધથી રાજકુમારોને ધનુર્વિદ્યાની કલા શીખવાડી. રાજાએ પ્રસન્ન થઈને પોતાની કન્યા કનકમાલાનો વિવાહ જીવંધરકુમારની સાથે કરાવી આપ્યો. કનકમાલા સાથે વિવાહ કર્યા બાદ જીવંધર અનાસક્ત ભાવથી હેમાભ્મા નગરીમાં નિવાસ કરી રહ્યા હતા કે તેમને એક દિવસ તેના ભાઈ નંદાઢ્યના અકસ્માત આવવાના સમાચાર મળ્યા. તેઓ તરત જ ભાઈ નંદાઢ્યને ત્યાં મળવા ગયા અને નંદાઢ્યને મળીને પ્રસન્નતાથી ગળે મળ્યા. કુશળ સમાચાર પૂછીને તેમણે નંદાઢ્યને અકસ્માત આવવાનું કારણ પૂછ્યું.

ઉત્તરમાં નંદાઢ્યે બતાવ્યું કે—'કાષ્ઠાંગારે આપને મારી નાખ્યા છે' આ વાતની જાણ થતા જ હું ભાભી ગંધર્ભદત્તાની પાસે ગયો. ત્યાં ભાભીને પ્રસન્નચિત્ત જોઈને મને આ વાતનું આશ્ચર્ય થયું કે આપની મૃત્યુના સમાચાર જાણીને ભાભી પ્રસન્ન કેમ છે ? છેવટે કેમ ? પૂછવાથી ખબર પડી કે તેમણે પોતાની વિદ્યાના બળથી પહેલા જ જાણી લીધું હતું કે આપ યક્ષેન્દ્ર દ્વારા સુરક્ષિત છો અને સુખ-શાંતિથી રહી રહ્યા છો. પછી મારી આપને મળવાની ઈચ્છા જાણીને તેમણે જ મને વિદ્યાબળથી આપની પાસે મોકલી આપ્યો છે. આ પ્રમાણે જીવંધરકુમારની નાનાભાઈથી મુલાકાત થઈ.

એક દિવસ જીવંધરકુમાર ચોરોથી ગાયને છોડાવવા જંગલમાં ગયા, ત્યાં પોતાના મિત્ર પદ્માસ્ય વગેરેથી મુલાકાત થઈ. ખાસ મિત્ર પદ્માસ્યએ કહ્યું "અમે જ્યારે આપને મળવા આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં જ એક આશ્રમમાં વિજયામાતાજીના દર્શન થયા. માતાજીએ જ્યારે અમારો પરિચય પૂછ્યો ત્યારે અમે આપના મિત્ર હોવાની વાત કહી. તમને કાષ્ઠાંગારે બંદી બનાવ્યા છે, આ વાત સાંભળતા જ તે મૂર્છિત થઈ ગઈ. મૂર્છા દૂર થવાથી અમે જણાવ્યું કે તે જ સમયે તમારી યક્ષેન્દ્રે રક્ષા કરી હતી અને તમે સ્વસ્થ અને સુખપૂર્વક છો."

પોતાની જન્મદાતા માતા જીવિત છે, આ જાણીને જીવંધરને તેમને મળવાની અતિશય જિજ્ઞાસા અને ચિંતા થઈ. તેઓ તરત જ આશ્રમ પહોંચીને માતાજીથી મળ્યા. તેમણે કાષ્ઠાંગરથી પોતાનું રાજ્ય પ્રાપ્ત કરવા સંબંધી સલાહ કરી અને માતાજીને

બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે'. ૪૦૮.

આશ્વાસન આપ્યું કે ''હું હવે થોડા જ સમયમાં રાજા બનીશ, તમે કોઈપણ પ્રકારની ચિંતા કરશો નહિ.'' તે અનુસાર જીવંધરે માતાજીને પોતાના મામા ગોવિંદરાજ પાસે પહોંચાડી દીધી અને પોતે રાજપુરી નગરી તરફ પ્રયાણ કર્યું.

એક દિવસ જીવંધરકુમાર રાજપુરી નગરીમાં ભ્રમણ કરવા ગયા, ત્યારે તેમની પાસે એક દડો પડ્યો. એ જાણવા કે દડો ક્યાંથી આવ્યો છે તેમણે નજર ઉઠાવી ત્યાં તો એક સુંદર યુવતી દેખાણી. તે યુવતીના રૂપ-સૌંદર્ય ઉપર મોહિત થઈ ગયા. તેટલામાં તે કન્યાના પિતા સાગરદત્તે જણાવ્યું કે મને એક નિમિત્તજ્ઞાનીએ જણાવ્યું હતું કે—''જે મનુષ્યના આગમનથી ઘણા સમયથી રાખેલા તારા રત્નો વેચાઈ જશે, તે પુરુષ જ તારી કન્યાનો પતિ થશે.'' તમારા આગમનથી મારા બધા રત્નો વેચાઈ ગયા છે. માટે આપ મારી કન્યાનો સ્વીકાર કરો. જીવંધરમી હાં જાણી સાગરદત્તે પોતાની કન્યાના લગ્ન જીવંધરકુમાર સાથે કરાવી દીધા.

એક દિવસ બુદ્ધિષેણ વિદૂષકે જીવંધરને કહ્યું—''પુરુષોના પડછાયાને પણ સહન ન કરવાવાળી માનિની સુરમંજરી સાથે જ્યારે આપ લગ્ન કરશો, ત્યારે તમને પુરુષાર્થી માનીશું.'' જીવંધરે સુરમંજરીથી વિવાહ કરવાની યોજના બનાવી. યક્ષેન્દ્ર દ્વારા અપાયેલ ''ઈચ્છાનુસાર વેષ બનાવવાનો'' મંત્રથી એક અત્યંત વૃદ્ધ પુરુષનો વેષ બનાવી સુરમંજરીના મહેલમાં પ્રવેશ કરી ગયા. ત્યાં તેમણે મંત્રસિદ્ધ સર્વોત્તમ ગીત ગાયું, જેનાથી સુરમંજરી ખૂબ જ પ્રભાવિત થઈ. વૃદ્ધને વિશેષ જ્ઞાનવાન જાણીને પોતાને મનપસંદ વરની પ્રાપ્તિનો ઉપાય પૂછ્યો. વૃદ્ધે કહ્યું ''કામદેવના મંદિરમાં જઈને તેની ઉપાસના કરવાથી મનપસંદ વરની પ્રાપ્તિ થશે.''

સુરમંજરી તે વૃદ્ધ પુરુષની સાથે કામદેવના મંદિરમાં જવા તૈયાર થઈ ગઈ. જીવંધરકુમારની યોજનાનુસાર તે કામદેવના મંદિરમાં બુદ્ધિષેણ વિદૂષક છુપાઈને બેઠો હતો. સુરમંજરીએ પૂજા પછી કામદેવને પૂછ્યું ''મને ઈચ્છિત વર ક્યારે અને કઈ રીતે મળશે?'' સુરમંજરીની વાત સાંભળીને છુપાયેલો બુદ્ધિષેણ બોલ્યો ''હે સુંદરી! મનપસંદ વર આપને પ્રાપ્ત થઈ ચૂક્યો છે. તે તમારી સાથે જ છે.'' સુરમંજરીએ વૃદ્ધ તરફ દૃષ્ટિ ફેરવી તો જીવંધરને સામે જોઈ તે આશ્ચર્યમાં પડી ગઈ અને શરમાઈ ગઈ. તે અનુસાર સુરમંજરીના પિતા કુબેરદત્ત જીવંધરથી તેનો વિધિપૂર્વક વિવાહ સંપન્ન કરાવી આપે છે. (ક્રમશઃ) ❊

પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી સમયસાર કલશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : શ્રી છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

### ✻ મહાવીર નિર્વાણ પંચાહ્નિક-મહોત્સવ ✻

પ્રતિવર્ષાનુસાર ‘શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક’—દીપાવલીનો મંગલ અવસર આસો વદ-૧૧, ૯-૧૧-૨૦૨૩, ગુરુવાર થી આસો વદ ૩૦, સોમવાર, તા. ૧૩-૧૧-૨૦૨૩ પાંચ દિવસ સુધી ‘શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાન પૂજા’, મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **સુપ્રભાત દિન** :—કારતક સુદ એકમ—નૂતન વર્ષારંભનો ‘સુપ્રભાતદિન’ તા. ૧૪-૧૧-૨૦૨૩, મંગળવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ કાર્તિક-નંદીશ્વર-અષ્ટાહ્નિકા ✻

કારતક સુદ ૮, સોમવાર, તા. ૨૦-૧૧-૨૦૨૩ થી કારતક સુદ ૧૫, સોમવાર, તા. ૨૭-૧૧-૨૦૨૩—આઠ દિવસ સુધી ‘પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન’ તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ વેદી શિલાન્યાસ વિધિ ✻

શ્રી બાહુબલી-જમ્બૂદ્વીપ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રી સીમંધરસ્વામી જિનમંદિરના ઉપરના ભાગમાં બિરાજમાન થનાર ચાર બાલયતિ તીર્થંકર તેમજ પ્રવચન મંડપમાં બિરાજમાન થનાર ત્રણ ભગવાનની વેદી શિલાન્યાસ મહોત્સવ તા. ૧૫-૧૦-૨૦૨૩ના રોજ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસ સહ સંપન્ન થયો. સવારે ૮.૩૦ થી ૯.૩૦ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન પછી વિનાયક યંત્ર આદિ જિન પૂજન અને ત્યારબાદ વેદી શિલાન્યાસ વિધિ પ્રારંભ થઈ. આ પ્રસંગે જિનમંદિરના ઉપરના ભાગમાં જેમણે પ્રતિમાનો લાભ લીધો હતો તે પરિવારના પુરુષ સભ્યોને પ્રશસ્તિપત્ર તથા શિલા મૂકવાનો લાભ મળ્યો હતો. પછી પ્રવચન મંડપમાં પ્રથમ લાભાર્થી પરિવાર અને ત્યારબાદ સર્વે મુમુક્ષઓને લાભ મળેલ હતો. આ પ્રસંગના વિધિવિધાન પ્રતિષ્ઠાચાર્ય શ્રી સુભાષભાઈ તથા પ્રતિષ્ઠાચાર્ય શ્રી હેમંતભાઈ ગાંધીએ કરાવેલ. આ પ્રસંગે અનેક મુમુક્ષુઓ બહારગામથી પધારેલ હતા.

॥ શ્રી કહાનગુરુદેવાય નમઃ ॥ ॥ શ્રી સીમંધરદેવાય નમઃ ॥ ॥ શ્રી ભગવતી માતાય નમઃ ॥

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત**

**શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત**

# ત્રેવીસમી બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર

(તા. ૨૪-૧૨-૨૦૨૩ થી ૨૯-૧૨-૨૦૨૩)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારોનું સિંચન આપણી ભાવી પેઢીમાં પણ થાય તે અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા બાવીસ વર્ષોથી બાળ સંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણીમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ત્રેવીસમી બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જાન્યુઆરી ૨૦૨૪માં મહામંગલ પંચકલ્યાણક મહોત્સવ ભવ્યાતિભવ્ય ઉજવવામાં આવનાર છે. માટે આ વર્ષે બાળકો તથા વડીલો માટેની શિબિર જેનો વિષય ''પંચકલ્યાણક મહોત્સવ'' રહેશે. જેમાં પંચકલ્યાણક સંબંધી વિવિધ વિષયોની માહિતી તથા દરેક વિધિની મહત્વતા વિદ્વાનો દ્વારા સમજાવવામાં આવશે. આ શિબિરની બધી જ માહિતી **Songadh Bal Shibir** નામની એપ ડાઉનલોડ કરવાથી મળી જશે. અને પોતાનું રજિસ્ટ્રેશન પણ કરી શકશો જેથી આપની રહેવાની અને જમવાની વ્યવસ્થા થઈ શકે. તા. ૨૯-૧૨-૨૦૨૩ના દિવસે શ્રી શત્રુંજય તીર્થક્ષેત્રની યાત્રાનું આયોજન કરેલ છે.

આ શિબિરના મુખ્ય સૌજન્યનો લાભ મુમુક્ષુ મંડળ ઑફ ગ્રાંડ રેપીડસ, USA (૨) રાજુલ શાહ, ફ્લોરીડા-USA તથા સહ સૌજન્યનો લાભ (૧) એક મુમુક્ષુભાઈ (૨) ભરતભાઈ કામદાર, ચેન્નાઈ (૩) જયંતીલાલ શાહ, લંડનને મળેલ છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજનનો, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર બાળકો તથા વડીલો માટે રાખવામાં આવી છે.

લિ. શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા—પ્રમુખના જય જિનેન્દ્ર

## (૧૨૩)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) પોતાના આત્માની શક્તિ વધારે તે .................... અંગ સમ્યક્દષ્ટિને હોય છે.

(૨) અનંતાનુબંધી ક્રોધાદિ કષાયના ઉદયનો અભાવ તે ................. છે.

(૩) અતત્ત્વમાં તત્ત્વપણાનું શ્રદ્ધાન જેને ન હોય તે .................. ગુણ સમ્યક્દષ્ટિને હોય છે.

(૪) ધર્મમાં અને ધર્મના ફળમાં પરમ ઉત્સાહ વર્તે તે .................. છે.

(૫) સર્વ પ્રાણીઓમાં ઉપકારની બુદ્ધિ અને મૈત્રીભાવ તે .................. છે.

(૬) સમ્યક્દષ્ટિ કર્મના ફળની વાંછા કરતા નથી એવો ................ અંગ તેમને હોય છે.

(૭) ચૌદ ગુણસ્થાનમાં તેરમાં ગુણસ્થાનને ........... કેવળી તથા ચૌદમા ગુણસ્થાનને .............. કેવળી ગુણસ્થાન કહે છે.

(૮) ધર્મનો ઉદ્યોત-પ્રકાશ કરવો તે ............. અંગ સમ્યક્દષ્ટિને હોય છે.

(૯) જે જ્ઞાન સહિત તપ કરે છે તે .................. છે.

(૧૦) સમ્યક્ત્વના આઠ દોષ ................ ઉદયથી જ થાય છે.

(૧૧) જે ધર્મથી પડી જાય તેને દૃઢ કરવો તે ................ અંગ સમ્યગ્દષ્ટિને હોય છે.

(૧૨) સમવસરણના ૧૦૦ ઈન્દ્રોમાં ભવનવાસી દેવોના .................. ઈન્દ્રો હોય છે.

(૧૩) સમ્યક્દષ્ટિને સંદેહ અને શંકા ન હોય એવો ................... ગુણ હોય છે.

(૧૪) શ્રાવકની અગિયાર પ્રતિમામાં આઠમી પ્રતિમા ............... હોય છે.

(૧૫) ચૌદ ગુણસ્થાનમાં છઠ્ઠા ગુણસ્થાનને ................. તથા સાતમા ગુણસ્થાનને ............... કહે છે.

(૧૬) મધમાખી .................. ઈન્દ્રિયવાળો જીવ હોય છે.

(૧૭) મુનિસુવ્રત ભગવાનનાં વૈરાગ્યનું કારણ ................ જ્ઞાન થયું.

(૧૮) મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ભાવો દુઃખરૂપ હોવા છતાં તેને હિતરૂપ માની તેનું સેવન કરવું તે ............... તત્ત્વની ભૂલ છે.

(૧૯) જંબૂદ્વીપની ૩૪ કર્મભૂમિમાં વિદેહક્ષેત્રની ................ ભૂમિ હોય છે.

(૨૦) ચૌદ ગુણસ્થાનમાં અગિયારમા ગુણસ્થાનને .............. ગુણસ્થાન કહે છે.

## (૧૨૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ વાક્યોને આધારે ૨૪ તીર્થંકરોના નામ ઓળખાવો)

(૧) વ્યક્તિ સંસારમાં ઈચ્છે છે ................
(૨) પરીક્ષામાં પાસ થયા પછી આપવામાં આવે છે ................
(૩) જેનો અંત ન હોય તે ................
(૪) જેમનાં પાંચ કલ્યાણક એક જગ્યા પર થયા હોય અને જે જગ્યાનું નામ એક ફૂલ પરથી હોય ................
(૫) જેમણે આહારદાનની પરંપરા શરૂ કરી ................
(૬) સૂર્યના ઉદય સાથે જે ફૂલ ખિલે તે ................
(૭) એક પ્રસિદ્ધ કપડાની મિલનું નામ ................
(૮) સૌથી ઓછા સમયમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ ................
(૯) ગરમીમાં જેની જરૂર પડે ................
(૧૦) જેને જીતી ન શકાય તે ................
(૧૧) બુદ્ધિમાનમાં જે શ્રેષ્ઠ હોય તે ................
(૧૨) જેના સંસર્ગથી લોઢું પણ સોનું બની જાય ................
(૧૩) મહિનામાં જે ધીરે ધીરે ઘટે છે અને ધીરે ધીરે વધે છે ................
(૧૪) દરેક પ્રાણીએ દરેક સ્થિતિમાં જે કાર્ય હંમેશા કરતા રહેવું જોઈએ................
(૧૫) ફૂલોની પંક્તિને કહે છે ................
(૧૬) જે કોઈપણ કાર્ય કરવામાં અસમર્થ ન હોય ................
(૧૭) યુદ્ધમાં શ્રેષ્ઠ યોદ્ધાને કહે છે ................
(૧૮) ત્રણ પદના ધારી અંતિમ તીર્થંકર ................
(૧૯) એક નારાયણ જેમના પિતરાઈ ભાઈ છે. ................
(૨૦) જેના શાસનકાળમાં મર્યાદા પુરુષોત્તમ રામનો મોક્ષ થયો ................
(૨૧) જેના ચિહ્નથી મંગલ ધાર્મિક કાર્ય શરૂ થાય છે ................
(૨૨) જેમણે અસી, મસી, કૃષિ વિદ્યાનું જ્ઞાન કરાવ્યું ................
(૨૩) છઠ્ઠા ચક્રવર્તીના ચાર કલ્યાણક હસ્તિનાપુરમાં થયા ................
(૨૪) ચોવીસમાંથી જે તીર્થંકર બાકી રહ્યા હોય તે ................

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ઓક્ટોબર-૨૦૨૩ના ઉત્તરો

(૧) પુદ્‌ગલ દ્રવ્યમાં
(૨) પ્રાગભાવ
(૩) પ્રધ્વંસાભાવ
(૪) અત્યંત
(૫) અત્યંત
(૬) અન્યોન્યાભાવ
(૭) અભાવ
(૮) છએ
(૯) અત્યંતાભાવ
(૧૦) અન્યોન્યાભાવ
(૧૧) પ્રાગભાવ
(૧૨) અન્યોન્યાભાવ
(૧૩) પ્રાગભાવ – પ્રધ્વંસાભાવ
(૧૪) અન્યોન્યાભાવ
(૧૫) (૧) પ્રાગભાવ
(૨) પ્રધ્વંસાભાવ
(૩) અન્યોન્યાભાવ
(૪) અત્યંતાભાવ
(૧૬) અત્યંત
(૧૭) અત્યંતાભાવ
(૧) પ્રાગભાવ
(૨) પ્રધ્વંસાભાવ
(૩) અન્યોન્યાભાવ
(૧૮) અત્યંતાભાવ
(૧૯) અત્યંતાભાવ
(૨૦) અત્યંતાભાવ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર – ૨૦૨૩ના ઉત્તર

(૧) જિનસારખી
(૨) સર્વજ્ઞદેવ
(૩) અનેકાંત
(૪) જ્ઞાન–રાગ
(૫) જ્ઞાન સ્વરૂપ
(૬) વીતરાગ વિજ્ઞાન
(૭) જ્ઞાયક
(૮) રત્નત્રય
(૯) સિદ્ધ
(૧૦) આત્મા
(૧૧) સિદ્ધપદ
(૧૨) આત્મ
(૧૩) ૧૮
(૧૪) મોક્ષ
(૧૫) મિથ્યાત્વ
(૧૬) નિર્જરા
(૧૭) સરખું
(૧૮) મિથ્યાદર્શન
મિથ્યાજ્ઞાન
મિથ્યાચારિત્ર
(૧૯) દર્શન-જ્ઞાન-ચારિત્ર
(૨૦) આકુળતા

## વૈરાગ્ય સમાચાર :–

✻ ઘાટકોપર-મુંબઈ નિવાસી શ્રી વિપુલભાઈ શાંતિલાલ મોદી (ઉ.વ. ૬૩)નું તા. ૩૦-૯-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ઘાટકોપર મંડળના પ્રમુખ હતા. તેઓ સોનગઢના દરેક ઉત્સવમાં અત્યંત ઉલ્લાસપૂર્વક ભાગ લેતા હતા.

✻ વાંકાનેર નિવાસી (હાલ-સોનગઢ) અરૂણાબેન પ્રફુલ્લભાઈ સપાણી (ઉ.વ. ૭૩)નું તા. ૧-૧૦-૨૦૨૩ના રોજ સોનગઢ મુકામે દેહ પરિવર્તન થયેલ છે.

✻ ગોરકડા નિવાસી (હાલ હૈદ્રાબાદ) લલિતાબેન ચીમનલાલ શાહ (–તેઓ હૈદ્રાબાદ મંડળના પ્રમુખ રાજેશભાઈના માતુશ્રી) (ઉ.વ. ૯૩) તા. ૩-૧૦-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● હે જીવ ! જેમાં તારી રુચિ હશે તે પ્રમાણે ગતિ થશે, કેમકે ભવિષ્યમાં પણ અનંતકાળ તારે રહેવાનું તો છે જ, તો દેહ છૂટીને ક્યાં રહીશ ?—કે જેવી તારી રુચિ હશે, જેવી તારી મતિ હશે તેવી ગતિ પામશે. જો તારી મતિ રાગ અને પરમાં હશે અને ચૈતન્યસ્વરૂપમાં નહિ હોય તો મરીને તને સંસારમાં રખડવાનું પ્રાપ્ત થશે. માટે હે જીવ ! તારી મતિ રાગ અને પરમાં ન લગાવ. ૫૯૪.

● સાધુનું ભાવચિન્હ તો આનંદનું ઉગ્રવેદન હોય છે. નગ્નપણું ને પાંચ મહાવ્રત એ તો દ્રવ્યલિંગ છે. ૫૯૫.

● ભાઈ ! તને ખબર નથી, તારી ચીજ તો અંદર અભેદ ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ... સામાન્ય એકરૂપ ચાલી આવે છે. ગમે તેટલી પર્યાયો આવે પણ વસ્તુ તો સામાન્ય એકરૂપ ચાલી આવે છે. એવી એકરૂપની દૃષ્ટિ કરતાં એનામાં ગુણ છે તેના ભેદનું પણ લક્ષ છૂટી જાય છે અને ભેદ અને ગુણની વિશેષતાનું લક્ષ છૂટતાં અભેદ ઉપર દૃષ્ટિ પડતાં તને આનંદનો સ્વાદ આવશે ત્યારે ધર્મ થશે. ૫૯૬.

● દિગમ્બર મુનિઓ એટલે પંચ પરમેષ્ઠીમાં ભળેલા ભગવંતસ્વરૂપ. આહાહા ! કુંદકુંદાચાર્યભગવાને કહ્યું છે કે, અરિહંતભગવંતથી માંડીને અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, રાગમાં ન હતા, નિમિત્તમાં ન હતા, ભેદમાંય ન હતા. એ બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. ૫૯૭.

● શુદ્ધ દ્રવ્ય એને કહીએ કે જે પોતાની નિર્મળ પર્યાયને પણ અડતો નથી, ચુંબતો નથી, સ્પર્શતો નથી. અહીં કહે છે કે, પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. એ પર્યાયનું લક્ષ કરે તો એને રાગ થશે, ને રાગમાં લાભ માનશે તો મિથ્યાત્વ થશે. ૫૯૮.

● ભાઈ, આ વાદવિવાદનો વિષય નથી. આ તો અંતરનો વિષય છે. હજી તો વ્રત, તપને કરે ને એનાથી ધર્મ થશે એમ માને તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ—અજ્ઞાની છે. પર્યાયનું લક્ષ કરવા જઈશ તો રાગ ને દુઃખ થશે. નિર્મળ પર્યાયનું લક્ષ-આશ્રય કરવા જઈશ તોપણ વિકલ્પ ઉઠશે. ભગવાન ત્રિકાળી વસ્તુ છે તે પર્યાયને અડતો નથી. પર્યાય અડતી નથી પછી તારે પર્યાયના લક્ષનું શું કામ છે ? ભગવાન આત્મા અંદર પરિપૂર્ણ છે તેને સ્પર્શને ! સ્પર્શનારી તે પર્યાય પણ દ્રવ્યમાં નથી. જૈનદર્શન—વીતરાગમાર્ગ બહુ ઝીણો—સૂક્ષ્મ છે. દિગમ્બર દર્શનમાં જ આ વાત છે. આવી વાત બીજે ક્યાંય નથી. ૫૯૯.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૨૩
અંક-૩ ● વર્ષ-૧૮

Posted at Songadh PO
Publish on 1-11-2023
Posted on 1-11-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org